|| ॐ श्री ||

जगदिश्वरायेनमः



અછર-ચંફકો

નાટક ત્રિઅંકી

ભાષણ
તથા
(ગાયન સહિત)

લખનાર,

છોટાલાલ અને ભગવાનલાલ શાહ,

કિંમત ૦-૮-૦ (આના આઠ)

॥ ॐ श्री ॥

जगदिंश्वरायेनमः

ચતુર ચંદ્રિકા.

નાટક ત્રિઅંકી

(ભાષણ તથા ગાયન સહિત)

લખનાર,

છોટાલાલ અને ભગવાનલાલ શાહ.

ગુજરાત નિવાસી.

આવૃત્તિ પહેલી પ્રત ૧,૦૦૦.

કરાચી.

"મરાઠા" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

સવંત ૧૯૫૮ ઇ. સ. ૧૯૦૨

કિંમત ૦-૮-૦ (આના આઠ)

અર્પણ પત્રિકા.

નેકનામદાર શેઠજી સાહેબ,

સોરાબજી એચ. જે. રૂસ્તમજી,

એમની ઉદાર વૃત્તિ, ગરીબ તવંગર પ્રત્યે સમદૃષ્ટિ, રાજા પ્રજાપ્રત્યે નિર્મળ, અબાધિત, પ્રીતિ, વિદ્યા, કૌશલ્ય ઈત્યાદિ ગુણો વિષયે પ્રસિદ્ધ થયેલું નિરાભિમાનપણું તથા સત્ય અને નીતિને માન આપનારા સદાચરણને અવલંબી ધર્મોન્નતિ કરનારા અને સ્વદેશ કલ્યાણ વિષયે અં-તઃકરણથી અહર્નિશ તત્પર તથા તમારા પ્રાચીન કરાંચી શહેરમાં રહી પ્રજા-પયોગી કાર્યો ઉત્સાહથી કરી લોકનું શ્રેય સાધવામાં બતાવેલી ઉત્સુ-કતા, એમના એવા અનેક શુભ ગુણોથી લોભાઈ આ લઘુ ગ્રન્થ એમની પર-વાનગીથી અર્પણ કરૂં છું.

લી૦ સેવક,

છોટાલાલ અને ભગવાનલાલ શાહ,

જુલાઈ તા ૧લી મંગળવાર સને ૧૯૦૨

ગુણાનુવાદ.

છંદ મનહર.

સરલતા સજ્જન સમાજ સહ સદા ધરી,
ઉદારતા ઉદે ઉર ઉપકારી વૃત્તિના;
ખલકમાં ખળ ખોળી ખણ્યા ખંતે સોરાબજી,
પારસી તનુજ ધારી સુખકારી પ્રીતીના.
પારસીવેશ ઈષ્ટ માની અભિષ્ટ યથેષ્ટ લહો,
પારસી કહીને રહો જગેમોદ માનીને;
કરાંચી શહેરમાં ઘણા ઉદાર નેક ટેકવાન,
મહામતિ ગુણાગ્રણી મણીરૂપ જાણીને.
"ચતુર–ચંદ્રિકા" નામનું નૉવેલ નાટયક રચી,
આપું છું હું આપને તે અંગિકાર કરશો;
લક્ષે જ્યારે રાખો મન કેશવ કૃપાળુ ધન,
રાખો રેમ નિશદિન આશિશ એ ધારશો.
સારા લખનાર તણી કદર કરો છો તમે,
વિદ્વજનો સાથે નિત પ્રીતિ બહુ રાખો છો;
વિવેકી સદાચારીની સંગત સદાય રાખો,
દુરાચારી હોય તેને દુર કરી નાંખો છો.
શાણા સદ્‌ગુણી અને નેકી ટેકી નોકરોને,
ઈનામ આપીને સદા હૃદયમાં રાખો છો;
સોરાબજી કુળદિપ સુંદર સ્વભાવવાળા,
મુજ શિરતાજ આપ વિદ્યામૃત ચાખો છો.

શાર્દૂલ વિક્રિડિત.

આભારી થઈને અમો ઉચરીયે, પ્રીતિ ધરીને ઘણી,
કાન્તી નીતિ સુવૃત્તિ સુરસમતા, સદ્‌ભાવના તે તણી;
સર્વોત્કૃષ્ટ ગુણો સદા સમરતાં, થૈએ રૂદામાં મુદા,
સોરાબજીને રાખ અખંડ ખુશીમાં, હે અંબિકા સર્વદા.

કર્તા.

પ્રસ્તાવના.

દુનિયામાં વાંચનનો શોખ દિનપર દિન વધતો જાય છે તેને લીધે બુદ્ધિના પ્રવાહ સાથે કેળવણીનો વધારો થતો જાય છે અને તેથીજ સઘળી કોમમાં નાટકો વાંચવાની અભિરૂચી દિનપર દિન વધતી જાય છે. હમેશાં દુનિયા આરસી રૂપ છે, અને જેવું અવલોકન કરે છે તેવું કહે છે અને વાંચી ઘડો કરે છે ગ્રંથકર્તા દિવસે દિવસે ઉભરાઈ જવા લાગ્યા છે અને તેથી સઘળી પ્રજા તેમની કદર કરવામાં ગુંચવાઈ છે, કેમકે આજકાલ ચાતુર માસના જીવડા મિસાલે ગ્રંથકર્તાની હાલત થઇ પડી છે. તો પણ જ્ઞાનના વધારાથી પ્રજાનો સમજુ ભાગ તોલ કરી વિચાર બાંધે છે, અને કદર બુજે છે આ ગ્રંથ નાનો અને સરલ છે અને તેની અંદર કઠણ ભાષા નથી પણ સંકલનામાં સિધો અને સાદો છે દરેક મનુષ્ય ભુલને પાત્ર છે તેમજ આ ગ્રંથમાં વાક્ય, રચનામાં અને સંકલનામાં ભુલ હશે તોપણ આ મારો પેહેલો પ્રયત્ન છે, નાટક લખવાનો મને શોક હોવાથી આ મારૂં પ્રથમ પગલું છે, તોપણ આ પુસ્તકના અંદરના વિષય કેટલે દરજે વાંચવા લાયક રમુજી અને શિક્ષણિય છે તે સંબંધે મારે આ વખતે બોલવું અનુચિત છે, હું વિદ્વાન નથી, તેમ મારામાં કવિકે નૉવેલીસ્ટ તરીકે પંકાવાની શક્તિ છે, એમ હું માનતો નથી, પરંતુ મારી આ રચના માત્ર સાધારણ બુદ્ધી અને અનુભવેજ થયેલી છે તો હું માન પૂર્વક માંગું છું કે વાંચકવર્ગ ઉત્તેજન ખાતર સર્વ દોષને સુધારવા કૃપા કરશે.

આ પુસ્તકની અંદર અમને અમારા મિત્રો તરફથી તથા જે સાહેબોએ આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ આશરો આપ્યો છે, તેઓનો આ જગ્યાએ અમો અત્યંત આભાર માનીએ છીએ.

લી૦ સેવક,

કરાચી, તાં. ૧લી જુલાઈ ૧૯૦૨ — છોટાલાલ અને ભગવાનલાલ શાહ. કર્તા.



મુખ્ય પાત્રોના નામ.

વિજયસિંહ—વિજયપુરનો રાજા.
કમળાવતી—વિજયસિંહની રાણી.
વિનોદસિંહ—વિજયસિંહનો પાટવી કુંવર.
સુરસિંહ—વિજયસિંહનો ફટાયો કુંવર.
ચંદ્રિકા—વિજયસિંહની કુંવરી, પાછળથી **ચંદ્રસિંહની રાણી.**
સત્યવકતા—વિજયસિંહનો પ્રધાન.
નારદમુની—વિજયસિંહનો ગુરૂ.
નારાયણ—નારદમુનીનો શિષ્ય.
મયારામ—એક ગરીબ બ્રાહ્મણ.
પારવતી—મયારામની પુત્રી પાછળથી નારાયણની સ્ત્રી.
ચંદ્રસિંહ—ચંદેરી નગરીનો રાજા.
ગુલાબો અને **નાથો**—ચંદ્રસિંહના હજુરી નોકર.
રાયસિંહ—અલકપુરીનો રાજા.
વિમળા—રાયસિંહની પતિવ્રતા રાણી.
લાલબા—જયપુરની ચીતારી.
ફુંકડસિંહ—લાલબાનો યાર.
મોહજીતસિંહ—કુન્દીનપુરનો રાજા અને ચંદ્રસિંહનો મામો.
મોહની—મોહજીતસિંહની રાણી.

એ સિવાઈ દાસ, દાસીઓ, વારાંગનાઓ વગેરે વગેરે.

ચતુર ચંદ્રિકા

નાટક ત્રિઅંકી

ભાષણ તથા ગાયન સહિત

પ્રારંભમાં બે કુમારીકાઓ આકાશ માર્ગેથી ઉતરી શ્રી પરમાત્માની સ્તુતિ કરેછે.

કુમારીકાઓ— **સ્તુતિ.**

ૐ શ્રી પરમાત્મા હું નમું,
છું છાછક છકછા છાછક છકછા છાછક છકછા છાછક છકછા
છાછક છકછા—ૐ શ્રી૦

વિઘ્ન નિવારો કાર્ય સુધારો, તરકીટધા તરકીટધા—છું૦

(આટલી શ્રી પરમાત્માની સ્તુતિ કરી પાછી ચાલી જાય છે.)

(એટલામા સુત્રધાર આવી શ્રી સત્યનારાયણનું સ્મરણ કરે છે.)

સુત્રધાર— **રાગ કલ્યાણ.**

શ્રી સત્ય નારાયણનું સ્મરણ કરૂ (૨)
રટણ હૃદયે ધરૂં પરમ પવિત્ર સત્ય નામ ખરૂ,
પ્રભુ આનંદ, મંગલ સ્તુતિ આ—શ્રી૦
નાદિર દીરનારે તુમ દિરના નારે તનોમ,
તનોમ તનોમ તોમ તનનનનનન
વિઘ્ન નિવારો, કાર્ય સુધારો, દુઃખથી તારો,
જય જય ભકત તણા ભય ભંજન—સત્ય૦

(એટલામાં સુત્રધારની સ્ત્રી નટી પ્રવેશ કરે છે.)

નટી—પ્રાણનાથ આજે આપને આટલો બધો શો ઉમંગ છે, કે આપ આટલા બધા ઉતાવળમાં કેમ ચાલ્યા જાઓ છો ?

સુત્રધાર-પ્રિયા આજે આપણે શાહ છોટાલાલ ભગવાનલાલ વિરચિત "ચતુર ચંદ્રિકા" નામનું નાટક આ સઘળી સભા સમક્ષ ભજવી બતાવવાનું છે, માટે હું તેની સગવડમાંજ છું. ઠીક થયું, તું પણ આવી, હવે તું પણ આ કાર્યની અંદર તત્પર રહેજે.

નટી—બહુ સારૂં પ્રાણનાથ જેવી આપની આજ્ઞા.

સુત્રધાર—ઠીક પણ આજે આ સર્વ સભાજનો ખુશી થાય એવું રસિક ગાયન ગાય, આ સર્વ સભાજનોનું મનરંજન કર.

નટી—બહુસારૂં, ઠીક ત્યારે સાંભળો,

નટી— **રાગ ગજલ.**

રૂમઝુમ બાદલીયાં બરશે, પ્રીયા બીણ જીયા મોરા લરજેરે—રૂ૦
કાલી પીલી બાદલીયાં બરશન આઈ લ્યો,
બીજલી ચમકે મોરા જીયા લરકાયો,
શ્યામસુંદર મોરે દરશન આઈ લ્યો, ધનનન ધનનન ધન ગરજે.
(હેજી) ધનનન ધનનન ધન ગરજેરે—રૂમઝુમ૦

સુત્રધાર—વાહરે વાહ પ્રિયા ગાયન તો બહુજ રસિક ગાયું કે જેથી સઘળા સભાજનો પણ ખુશી થયા હશે. પણ હવે વખત ચાલ્યો જાય છે, અને કામ ઘણું છે, માટે હવે હું પણ જાઉં છું, અને તું પણ જઈ સર્વ કાર્યની અંદર તત્પર રહેજે.

નટી—બહુસારૂં પ્રાણનાથ જેવી આપની આજ્ઞા

(બંને જાય છે.)

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

(સ્થળ વિજયસિંહનો રાજદરબાર)

ચોપદાર—સોનેકી છડી, રૂપેકી મસાલ, જરીયનકા જામા, મણીયનકા મુગટ, મોતીયનકી માલા, ફુલનકા તોરા, રાજનકા રાજ, મહારાજાધિરાજ, નિધા રખીઓ મહેરબાન, વિજયપુરના મહારાજા વિજયસિંહને ઘણી ખમા.

દરબારીઓ— વીવીધ વીવીધ રતન નીધી—એ રાગ

મંગળ મંગળ પ્રીતિની રીતીઓ અરપો રાજા અહીં (૨)
આનંદ ઉત્સવના દીન છે પ્રભુ આજનો,
નીજ શોભે છે કુંવરોને વળી સાજનો,
ખુશી રાખે પ્રભુ તમને—મંગળ૦
જામો તમારૂં અવીચળ આયુષ્ય, અમર અમર રહેશો. (૨)
સારી સારી ન્યારી ઓવીઓ તમારી,
આનંદે રાખે તમોને મુરારી, તાજ ધરીને—મંગળ૦

નારાયણ—મહારાજને ઘણી ખમા

સત્યવકતા–ચુપ કર આ વખતે મહારાજાધિરાજ તખ્તપર બિરાજેલા છે, તોપણ તું તારી આદત પ્રમાણે બકવા કર્યા કરે છે તારી આદત તો આવીને આવી રહેશે? કે કાંઈ સુધરશે.

નારાયણ—ચુપ એમાં શાનું કરૂં.

સત્યવકતા—મહારાજાની સામે કાંઇ પણ વધારે પડતું બોલવું નહીં જોઇએ તે તું સમજે છે.

નારાયણ—બહુસારૂં, બહુસારૂં, હવે તો હું સમજ્યો.

સત્યવકતા–હવે મોઢું બંધ કરી ચુપ થઇ બેઠો રહે તો સારૂં.

વિજયસિંહ—(પ્રધાન પ્રત્યે) પ્રધાનજી આજે મારો જન્મોત્સવનો દીવસ છે. તેતો તમે જાણતા હશો ?

સત્યવકતા—હા મહારાજ.

વિજયસિંહ—ત્યારે વારાંગનાઓને હુકમ આપો કે, તેઓનું ગાયન જલદી શરૂ કરે.

સત્યવકતા—જેવી આપની આજ્ઞા. વારાંગનાઓ તમારૂં ગાયન શરૂ કરો.

વારાંગનાઓ— પામ્યો પામ્યો પદમણી પ્યારી—એ રાગ.

ખુશી ખુશી વિજયપુરના રાજમાં, સદા રહો વિજયસિંહ પ્યારા,
અચળ રહો તમ રાજગાદી, આનંદિત સહુ મંગળ મુરારી,
કીર્તી ફેલાવી છે સારીરે—સદા૦
વિનોદ સુરસિંહ પુત્ર તમારા, અવિચળ રહે તમ રાજદ્વારા,
પુત્રી ચંદ્રિકા છે શાણીરે—સદા૦

વિજયસિંહ—વાહ ગાયન તો બહુજ સારૂં ગાયું હવે પ્રધાનજી આ વારાંગનાઓને યોગ્ય પોશાકનો સરપાવ આપો, કે જેથી ખુશી થઈને જાય.

સત્યવકતા—બહુસારૂં.

વિજયસિંહ—પ્રધાનજી મારા રાજથી મારી સર્વે પ્રજા કેવી હાલત ગુજારે છે તે હું જાણવા માગું છું.

સત્યવકતા—મહારાજાધિરાજ આપના રાજથી સર્વે પ્રજા ખુશીથી દીવસો ગુજારે છે, અને આપની કીર્તી પણ દેશોદેશમાં ફેલાઇ ગઈ છે, આપના રાજથી પશુ પક્ષિ પણ સુખચેનથી દીવસો ગુજારે છે તો પછી માણસજાત ગુજારે તેમાં નવાઇ શું !

(એટલામાં નારદમુની પ્રવેશ કરે છે.)

વિજયસિંહ—આવો આવો મુનિરાજ પાય લાગું

નારદમુની—સુખી રહો રાજા વિજયસિંહ, તારૂં રાજ અમર રહો.

વિજયસિંહ—મુનિરાજ તમે પોતે મારે ત્યાં પધારી મને મોટો આભારી કર્યો છે, આપ શામાટે પધાર્યા છો, તે હું જાણવા માગું છું ? માટે કૃપા કરી કહી બતાવશો.

નારદમુનિ—રાજા હું આ રસ્તા ઉપર ચાલ્યો જતો હતો એટલામાં તમે પ્રધાનજીને વસ્તીની ખબરચાર પુછતા હતા તે સાંભળી હું તમારી પાસે આવ્યો છું.

વિજયસિંહ—મુનિરાજ પ્રજાની સંભાળ રાખવી, તે રાજાનો મુખ્ય ધર્મ છે, કારણ કે રાજા પ્રજાપાલ કહેવાય છે, કેમ મુનિરાજ તે વાત બરાબર છે કે નહીં.

નારદમુનિ—રાજા તે વાત તો બરાબર છે, પણ પોતાની પીડાને કોઇ જાણતું નથી, તમારા રાજમાં સર્વ પ્રજા સુખી છે, તે હું પણ જાણું છું, પણ તમારા ઘરમાં એક અનર્થ થાય છે, તે તમે સમજી શકતા નથી.

વિજયસિંહ—(વિચાર કરીને) મને કાંઇ પણ જોવામાં આવતું નથી, માટે આપ કૃપા કરીને કહી બતાવશો તો હું આપનો મોટો આભારી થઇશ.

નારદમુનિ—ત્યારે સાંભળો.

દક્ષિણી સાખી.

જેના ઘરમાં પુત્રી કુંવારી, બાર વરસની થાયે,
તેનાં સઘળાં પુન્ય ધરમને, વ્રત ખોટાં થાયે,
થશે જો વૃથાએ, નકી થશે અનર્થ તો એ.

વિજયસિંહ—મુનિરાજ આપે જે કહ્યું તે હું થોડું ઘણું સમજ્યો છું, પણ હજી બરાબર સમજણ પડી નથી, માટે બરાબર સમજાવશો.

નારદમુનિ—રાજા તમારી કુંવરી ચંદ્રિકાની ઉમર કેટલા વરસની થઈ છે.

વિજયસિંહ—મુનિરાજ તેને તો હજી તેર વરસ થયાં છે.

નારદમુનિ—મહારાજ તમને ખબર નથી કે જેના ઘરમાં બાર વરસથી મોટી કુમારીકા થાય તેના સર્વ પુન્ય, દાન, યજ્ઞ, તપ, ભક્તિ વગેરે નાશ થાયછે અને તે ગમે તેટલું પુન્ય કર્યાથી પણ પાછાં ફલિભુત થતાં નથી. માટે મહારાજ આપની ચતુર કૂંવરી ચંદ્રિકાના શુભલગ્ન જેમ બને તેમ તાકીદથી કરી આપો.

વિજયસિંહ—બહુસારૂં.

નારદમુનિ—મહારાજ ત્યારે ચંદ્રિકાને અહીંયા બોલાવો.

વિજયસિંહ—બહુસારૂં, પ્રધાનજી ચંદ્રિકાને અહીંઆ બોલાવી આવો.

સત્યવકતા—જેવી આજ્ઞા. (પ્રધાન ચંદ્રિકાને બોલાવા જાયછે)

વિનોદસિંહ—સુરસિંહ આ મુનિ તો જો મોટી દાઢી વધારી અને રાખ ચોળીને આવ્યો છે અને વળી દરબારમાં આપણી બેનને બોલાવે છે, તે મારાથી દેખી શકાતું નથી.

સુરસિંહ—ભાઈ તમે ચુપચુપ બેસી રહો, અને જોયા કરો, આ મુનિરાજ ઘણાજ વિદ્વાન છે માટે તે કદી પણ ખોટો રસ્તો બતાવનાર નથી.

(એટલામા ચંદ્રિકા અને પ્રધાન આવે છે.)

ચંદ્રિકા—પિતાજી નમન કરૂં છું.

વિજયસિંહ—સુખી રહો બેટા.

ચંદ્રિકા—બાપુ મારૂં શું કામ પડ્યું કે ખાસ પ્રધાનજીને બોલાવવા માટે મોકલ્યા, માટે જે કામ હોય તે કહી સંભળાવશો.

વિજયસિંહ—ચંદ્રિકા આ મુનિરાજને પગે લાગ.

ચંદ્રિકા—મુનિરાજ આપને હું નમન કરૂં છું.

નારદમુનિ—સુખી રહો બચ્ચા, ચંદ્રિકા તારો જમણો હાથ બતાવ, તો હું તમારૂં ભવિષ્ય કહી સંભળાવું.

ચંદ્રિકા—(ઘણીજ ખુશી થઇને) મુનિરાજ લ્યો આ મારો જમણો હાથ, ખુશીથી જુઓ અને મારૂં ભવિષ્ય કહી સંભળાવો.

નારદમુનિ—(ચંદ્રિકાનો હાથ જોઇને) આ કુંવરીના નસીબ ઘણાજ તેજસ્વી છે, અને મોટા રાજાના કુંવરની રાણી થશે, એમાં કાંઈ સંદેહ નથી, (સમાધિ ચડાવીને) આ કુંવરી ચંદેરી નગરીના મહારાજા ચંદ્રસિંહની પટરાણી થશે.

દોહરો.

હીમતની કીમત નથી, હીમત નહીં તું હાર;
બોધ અધિક આ જાણીને, અંતરમાં ઉતાર

બચ્ચા ચંદ્રિકા તું હીમત રાખીશ તો ઘણીજ સુખી થઇશ.

ચંદ્રિકા—બહુ સારૂં મુનિરાજ.

નારદમુનિ—મહારાજ હું હવે આપની પાસે રજા માંગું છું.

વિજયસિંહ—હવે હું જલદી તેની સાથે પરણાવી આપવા ચુકીશ નહીં. આપ ખુશીથી પધારો.

વિનોદસિંહ—લંગોટાના વચન કદી ખોટાં ના પાડું તો મારૂં નામ વિનોદસિંહ નહી. (એમ કહીને જાય છે.)

(એટલામાં બધાં જાય છે.)

ચંદ્રિકા— વાલા વિચારો કાંઇ—એ રાગ.

કામણગારો પ્યારો (૨)
ભવિષ્યજ મારૂં હવે, બતાવ્યું છે જેણે સારૂં,
નકી થાશે ચંદ્રસેન પ્યારો—કામણ૦
નારદનાં વચન કદી ખોટાં ન થવાનાં,
નયનોથી નથી ઘડી ન્યારો—કામણ૦ (પડદો પડે છે.)

પ્રવેશ ૨ જો.

(સ્થળ રસ્તો–વિનોદસિંહનું આવવું.)

વિનોદસિંહ—આજે નારદમુનિ રાજ દરબારમાં આવ્યો અને મારી ચતુર બેન ચંદ્રિકાને ત્યાં બોલાવી, તે વખતે મને કાળ ઘણોજ વ્યાપી ગયો, પણ શું કરૂં કે સર્વે સભાસદો તથા મારા બાપુ તથા સુરસિંહ બધા તેના મતને મળતા હતા પણ હવે જોઇ લેજે મારા ઝપાટા, જો કદી નારદનાં વચન ખોટાં પાડી મારા મિત્ર રાયસિંહની સાથે પરણાવી આપું તોજ હું વિનોદસિંહ ખરો.

(એટલામાં વિજયસિંહ આવે છે.)

વિજયસિંહ—કેમ પુત્ર વિનોદ અહીંયા ઉભો ઉભો શું વીચાર કરે છે. હું તને મળવા માટેજ આવતો હતો પણ ઠીક થયું કે તું અહીંયાજ મળ્યો.

વિનોદસિંહ—બાપુ એવું શું કારણ છે.

વિજયસિંહ—પુત્ર વિનોદ તારી બેન ચંદ્રિકા હવે ઉમર લાયક થઈ છે માટે તેને યોગ્ય પતિ મુનિરાજ બતાવી ગયા છે તે તારા જાણવામાં હશે.

(એટલામાં સુરસિંહ આવે છે.)

વિનોદસિંહ—બાપુ તે હું જાણું છું પણ નારદે જે રાજ-કુંવર બતાવ્યો છે તે બરાબર લાયક નથી, પણ અલકપુરીનો રાજા રાયસિંહ ઘણો શુરો અને કુળવાન છે, માટે જો આપની મરજી હોય તો તેને પરણાવી આપીએ,

સુરસિંહ—કોણ રાયસિંહ તેતો તમારો મિત્ર કે બીજો.

વિનોદસિંહ—(નખોદ ગયું આ તો જાણે છે) હા હા તેજ તે કેવો શુરો અને વળી હુશીયાર છે.

સુરસિંહ—બાપુ આ વિનોદસિંહ આપનો પુત્ર નથી. પણ એક દુશ્મન છે, કારણ કે અલકપુરીના રાજા વિમળસેન અને આપણી વચ્ચે જબરી લડાઈ ચાલી હતી. તે આપણા દુશ્મનની સાથે વિનોદસિંહ ચંદ્રિકાના લગ્ન ભોળા રાજાને ભરમાવી સુર્યવંશી કલંક લગાડવા ઇચ્છે છે, તું ભાઈ છે તો હવે તને શું કહું પણ સાંભળ.

સુરસિંહ— રાગ લાવણી.

તું સાંભળ સાંભળ કરી વીચાર વીચાર,
દીલ ફોડતું ગમાર, નીચ સમજ સમજ—ટેક.
રાયસિંહ નીચ રાય, કદિ અન્યાય ન થાય,
એ વાત ન ઉચાર—નીચ૦
નગરી ચંદેરી રાય, ચંદ્રસેન નામ,
તેના કરી જો વખાણ—નીચ૦
આ બિચારી નાની બાળ, તેનો બાળે અવતાર,
કરે દૂનિયાને ખ્વાર—નીચ૦
ધીક તુજ અવતાર, જોતાં ઉઠે હઇયે ઝાળ,
પાપી નીવડયો ચંડાલ—નીચ૦
શુરવીર જે રાય, નકી ધર્માષ્ટ માંય,
મારે વરાવવી ત્યાંય—નીચ૦
કદી બ્રહ્માંડ ફરે, મુજ બેન ન વેરે,
પાપી રાયસિંહ વેરે—નીચ૦

વિજયસિંહ—(સુરસિંહને પકડીને) પુત્ર સુરસિંહ સબુર કર આટલો ગરમ શામટે થાય છે, તે તો મોટો છે પણ અકલનો છાંટો પણ નથી,

વિનોદસિંહ—(આ વખતે આપણે બોલવા જેવું નથી) તમે ચાય સો તેમ કરોતો પણ હું કદી માનનાર નથી

સુરસિંહ—જા નીચ અંહીં તારૂ મોઢું નહીં બતાવ, તારો

જેવા નીચ ભાઈથી કદી ભાઈ ન હોય તો હજાર દરજે સારૂં છે.
(પડદો પડે છે.)

પ્રવેશ ૩ જો.

(સ્થળ નારદમુનિનું ધામ.)

(નારદમુનિ સમાધીમાં બેઠેલા છે ત્યાં નારાયણનું આવવું.)

નારાયણ—નારદમુનિ તો સમાધીમાં બેઠાઃછે, લાવ હું પણ સુઈ જાઉં, ઉઠશે ત્યારની વાત ત્યારે. (એમ કહીને સુઈ જાય છે.)

(એટલામાં સમાધીમાંથી નારદમુનિ ઉઠે છે)

નારદમુનિ—આ કોણ સુતેલો છે, લાગે છે તો નારાયણ જેવો માટે લાવ ઉઠાડું.

(એમ કહી નારાયણને ઉઠાડે છે, એટલામાં નારાયણ ઉઠે છે)

નારાયણ—મહારાજ નમન કરૂં છું.

નારદમુનિ—સુખી રહો બચ્ચા, નારાયણ તું કયારે આવીને સુતો હતો.

નારાયણ—હમણા આવ્યો, તમને સમાધીમાં જોઇ હું પણ સમાધી ચડાવી સુતો.

નારદમુનિ—શું સુઇને સમાધી થતી હશે, નારાવણ હવે તને સમાધીની પણ જરૂર પડશે નહીં કારણકે હવે તું તો પઇસા-વાળો થઇશ.

નારાયણ—(એકદમ ઉભો થઇને) શું શું હું પઇસાવાળો થાઇશ, મુનિરાજ કેવી રીતે તે મને જલદી બતાવો.

નારદમુનિ—ત્યારે સાંભળ તું વિજયસિંહનો રાજગોર છે કે નહીં.

નારાયણ—હા તેનું કેમ.

નારદમુનિ—તેની પુત્રી ચંદ્રિકાના લગ્ન થવાનાં છે માટે તેને તું પરણાવવા જઈશ તો તેમાંથી તને સારી રીતે દક્ષિણા મળશે કે નહીં.

નારાયણ—હા હા ચંદ્રિકાબાને પરણાવવીને તેમાંથી જે પઇસા મલશે તેમાથી આપણે પણ એક ગોરાણીમા પરણશું કેમ મુનિરાજ તમારો વિચાર કેવો છે, મારો વિચાર તો ગોરાણીમા પરણવાનો છે.

નારદમુનિ—ગોરાણીમા એટલે શું ?

નારાયણ—મારે ગોરાણી કરવી છે તે.

નારદમુનિ—મુરખ તેને ગોરાણીમા કહેવાય.

નારાયણ—ત્યારે શું કહેવાય?

નારદમુનિ—મારે બાઇડી પરણવી છે.

નારાયણ—મારાથી એમ કોઈનું અપમાન થાય નહી.

નારદમુનિ—તેમાં વળી અપમાન શાનું પોતાની બાઇડીને ગોરાણીમા કહીએ તો માન રાખ્યું કહેવાય.

નારાયણ—કેમ મુનિરાજ ના કહેવાય,

નારદમુનિ—ના ના.

નારાયણ—ઠીક ત્યારે હવે બાઇડી પરણવી છે એમ કહીશું હવે તો બરાબર છે કે નહીં.

નારદમુનિ—બરાબર તો છે પણ હું તો જાણું છું કે તને કોઈ પણ પરણાવશે નહીં, તારા જેવા મુરખ માણસને પોતાની પુત્રી આપીને પુત્રીનો આખો ભવ બગાડે એવો કોનો દિવસ ફર્યો છે, કેમકે તારા જેવાને આપવા કરતાં કોઈ હુશિયાર ગરીબ માણસને આપે તો પણ ઘણુંજ સારૂં.

નારાયણ—એમ તે હોય મારે ઘેરતો હમેશાં દેશોદેશના નાળીયેર દશ દશ બાર બાર આવ્યા કરે છે, પણ બંદ્ધા કોઇને પસંદ પડતા નથી, હજુ કાલે પણ ઘણાજ નાળીયેર આવ્યાં હતાં તેમાં કોઇની કન્યા બાર વરસની, કોઈની દશની પણ જેવી મને જોઇએ તેવી મળતી નથી, તો હું પરણતો પણ નથી.

નારદમુનિ—ત્યારે તને કેવી જોઇએ ?

નારાયણ—મારે તો વરસ ૧૬ અને ધોળી ફુલ જેવી હોય તો પરણવું છે નહીંતો વિચાર નથી.

નારદમુનિ—નારાયણ મને તો ભરોસો નથી કે તને તેવી બાઇડી મલે.

નારાયણ-મને નહીં મળે, પણ પઇસાને તો મળશે કે નહીં.

નારદમુનિ—નારાયણ તું જે જે વાતો કરે છે તે બધી સાચી, પણ તું સ્ત્રી પરણીને દુખી નહીં થા.

નારાયણ—દુખી તો હમણા છું, અને પછે તો સુખી થશું.

નારદમુનિ—નારાયણ સ્ત્રીમાં સુખ છે તેજ તું ગણે છે પણ દુઃખતો બીલકુલ ગણતો નથી.

નારાયણ—મુનિરાજ તે હું જાણું છું કે દુઃખ પણ છે ને સુખ પણ છે, દુ;ખ અને સુખ બેઉ સાથેજ રહે છે, પણ મારા ઘરમાં બે પેટી છેઓ તેમાંની એક પેટી દુઃખની અને એક સુખની છે (ઘરમાં તો ખાલી માટીના વાસણ પણ નથી તો પેટીતો કેવીજ) તેમાંની જે દુઃખની પેટી છે તેની અંદર બધું દુઃખ ભરીને મજબુત બંધ બાંધીને દરીઆમાં તરતી મુકી દઇશ પછે દુઃખ મને કેવી રીતે અસર કરી શકશે, અને જે સુખની પેટી છે તેનો ઉપયોગ કરશું પછે તો સદા સુખ, સુખ અને સુખજ.

નારદમુનિ-વાહરેવાહ નારાયણ તું પણ એક દુનિયામાં થયો

નારાયણ-મુનિરાજ ગમે તેમ તો પણ હું આપનો શિષ્ય છું

તો પછે મારામાં તે પુછવું પડે, મુકે વિવા કરવા તો વિવાની વરસી કરી ચાલ્યો આવું પણ મુનિરાજ સ્ત્રીનાં વખાણો તો સાંભળો.

(ભાગોરી જાન કીશ નાદાનકો શીખાને આયે—એ રાગ)

સ્ત્રીમાં સુખ નહીં છે દુઃખ કોને શીખાવા આવો,
મુજ મન તો નહીં ગભરાવો, સ્ત્રીમાં મન મારૂં જાઓ,
આશકના જીવને ઉગારનારી અમૃત જાણો—સ્ત્રી૰
સ્ત્રી સંસારનું સુખ અનહદ હું તો જાણું,
સ્ત્રી રૂપ ગુણની ભંડારી, સ્ત્રી દુઃખની કાપનારી,
ગારીવાણી સાચી જાણી, એ! એ! ગુરૂમુનિ આજ્ઞા માગી—સ્ત્રી૰

નારદમુનિ—જ્યારે તું સ્ત્રીનાં આટલાં બધાં વખાણ કરે છે તો પછે આજ સુધી શામાટે કુંવરો રહ્યો.

નારાયણ—પણ મુનિરાજ શું કરૂં કૂવામાં પડું, કે વાવમાં પડું, કે સ્ત્રીનું ઝાડ છે તે કાપી આવું.

નારદમુનિ—ઠીક ત્યારે હવે જા, મારો સમાધીનો વખત વીતી જાય છે. (નારદ સમાધીપર બેસે છે ને નારાયણ જાય છે)

(પડદો પડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ ચંદ્રિકાનો બગીચો.

(ચંદ્રિકા પોતાની સખીઓની સાથે રાસડા લે છે)

(શું નટવર વસંત થઇ થઇ નાચી રહ્યા!—એ રાગ.)

શું શરદપુનમ શશી શોભી રહ્યો,
શોભી રહ્યો જગ શોભાવી રહ્યો—શું૰
શરદપુનમ શોભી રહી, ઝળઝળ દીપકમાળ;
શું દીપક તે દીપતી, શોભે સુંદર બાગ.
શોભે શું સુંદરી ચંદ્રિકા ખરે અહીં.
પ્રીતમે મન તેનું ખેંચી લીધું,
ખેંચી લીધું જગ ખેંચાવી લીધું—શું૰

પામું હે મન ભાવતો, સુંદર નરવર આજ ;
તો સુખ નિશ્ચે જાણજો, માણશું માનીતી મોજ.
રૂમઝુમ કરતી ચાલ ચટકતી ચાલેરે,
જોઇ જોઇ લેવા મમ નાથ ઉરમન માલેરે.
પ્રીતમ વીનાની બની બાવરી હું બાલા,
અનહદ આનંદ છાઇ ગયો,
છાઇ ગયો, જગ છવાઇ ગયો--શું૦

(એટલામાં વિનોદસિંહ પ્રવેશ કરે છે.)

ચંદ્રિકા--(આજ મારે મારો ભાઇ વિનોદસિંહ શામાટે આવ્યો હશે, લાવ પુછી જોઉં તો ખબર પડે) આવો આવો ભાઇ વિનોદસિંહ આપ આજ મારે બગીચે પધારવા મહેરબાની કરી,

વિનોદસિંહ--બેન ખાલી આપને મલવા માટેજ આવ્યો હતો, પણ આજ તમો આટલાં બધાં ઉમંગમાં શાથી જણાવ છો.

ચંદ્રિકા--ભાઇ આજે શરદપુનમની રાત હોવાથી આ સુંદર બાગમાં હું તથા સર્વે સખીઓ રાસડા લેવાનાં ઉમંગમાં હતાં એટલામાંતો તમે આવી ચડયા, પણ તમે કેઇ દીવસ નહીં અને આજ એકાએક આવી ચડયા એનું શું કારણ?

વિનોદસિંહ--બેન કારણ તો એ છે કે તમારા લગ્ન પીતા તથા સુરસિંહ ચંદેરીના નીચ કુળના રાજા ચંદ્રની સાથે કરવાનો વીચાર કરે છે પણ તે વાત મને તો જરાએ ઠીક પડતી નથી પણ મારા જોવામાં તમારા લાયક અલકાપુરીનો રાજા રાયસિંહ છે તે ઘણો હુશીયાર વળી મારો મિત્ર પણ છે માટે જો તમારી ઇચ્છા હોય તો હું તેની સાથે તમારા લગ્ન કરી આપું.

ચંદ્રિકા--કોણ તમારો મિત્ર રાયસિંહ !

વિનોદસિંહ--હા એજ તેજ ઘણોજ શુરો અને હુશીયાર છે, માટે મારો વિચાર તેની સાથેજ તમારા લગ્ન કરવાનો છે.

પણ ખાલી પુછવા માટેજ આવ્યો છું.

ચંદ્રિકા—ભાઈ તે વાત ખરી પણ મારે તો જે પીતાજી કહે તેનીજ સાથે મારે લગ્ન કરવા જોઇએ પીતાની આજ્ઞા માનવી એ આપણું મુખ્ય કર્મ છે. એ તો નીચકુળનો રાજકુમાર છે. પણ કદી કોઇ કંગાલ, પદભ્રષ્ટ, ફટાયો કુમારની સાથે કદી મારાં લગ્ન કરી આપે તો પણ કદી હું મારા બાપુનું વચન તોડનાર નથી. તો પછી અલકપુરીના રાજા રાયસિંહની લગ્ન બાબતની વાત કદી પણ વાત ઉચારવી નહીં.

વિનોદસિંહ—ઠીક ઠીક તું આવડી બધી કયારે ડાહી થઈ પણ તેં આ વખતે તો મારૂં અપમાન કર્યું છે પણ યાદ રાખજે યાદ રાખજે કે થોડા વખતની અંદર તારા લગ્ન બાપુને જેમ તેમ સમજાવી અલકપુરીના મહારાજા રાયસિંહની સાથે ન કરાવી આપું તો મારૂં નામ વિનોદસિંહ નહીં.

ચંદ્રિકા—આવી વાત બેનની સાથે ભાઇને કરવી શોભે નહીં પણ તું તો ભાઇ નથી મારા આગલા ભવનો દુશ્મન થઈ મારા બાપુના પેટે જન્મ લીધેલો છે, તારા જેવા નીચ બંધુથી હું કદી બંધુ વીનાની રહી હોત તો હજાર દરજે સારૂં હતું. હવે તું મને કોઈ દીવસ તારૂં મોઢું બતાવીશ નહીં.

વિનોદસિંહ—તું શુ મને બાપુની બીક બતાવે છે, શું એટલે તને તે નીચની સાથે પરણાવી આપે. નાના તે કદી પણ બનનાર નથી. માટે સમજ નહીંતર દુઃખી થઈશ.

ચંદ્રિકા— રાગ દક્ષિણી સાખી.

કેમ બંધુ તું આડો ચાલે મારાં લગ્નની માંહે,
હું છું અબળા બેની તમારી કરજો મુને સહાયે,
રાયસિંહને નહીં વરૂં, કદી મોત થાયે મારૂં.

ભાઈ વિનોદસિંહ મારી અબળા જાતીપર રહેમનજર કરી મારા પ્રાણથી પ્યારા ચંદ્રની સાથે લગ્ન કરવામાં કોઇ પણ રીતે આડો આવીશ નહીં.

વિનોદ—સખુર સખુર સખુર સખુર ઓળખી ગયો છું—એ રાગ.

સમજ સમજ સમજ સમજ ચંદ્રિકા તું બેની મારી,
ચંદ્રસેન નીચ રાય, કદી ન મુજ બનેવી થાય,
સુણી વાત લાગે લાય—સમજ૦
વાત કહું છું માન મારી, રાયસિંહમાં પ્યાર લગાડી,
પરણ તેની સાથ બેની—સમજ૦

ચંદ્રિકા—ભાઈ તમે ગમે તેટલી સમજાવશો તોપણ હું તેનામાં પ્યાર જોડનાર નથી માટે મારી અબળા જાતિ ઉપર દયા લાવી મારા લગ્નની વખતે આડો આવીશ નહીં.

વિનોદસિંહ—ચંદ્રિકા તને હું આટલીવારથી સમજાવું છું તોપણ તું શમજતી નથી, તો હવે તારો દુઃખી થવાનો વખત નજીકમાં આવ્યો છે, હજી પણ માનવું હોય તો માન નહીં તો પછે પસ્તાવું પડશે.

ચંદ્રિકા— જા જા બેલમાં ખોટું રે—એ રાગ.

જોયો જોયો બંધુ તુંનેરે, યુકતી તો તારી જાણી છે મેં તો,
બેનીને આડે રસ્તે વરાવારે, ઉતાવળો થાય છે તું તો—જોયો૦
કુટીલ કામ કરે છે કુડાં, દુઃખી કરવા મુંનેરે,
રાજાને ખોટું ભરેમાવી, નીચે રહ નમેરા—જોયો૦
જા જા અહીંથી દુષ્ટ તુંરે, મોઢું મુને ન બતાવરે,
આવ્યો આંહી શું કાજું કરવા, જુદી મુને પડાવા—જોયો૦

વિનોદસિંહ—ઠીક ઠીક ત્યારે જો તારૂં અભિમાન ના તોડું તો મારૂં નામ વિનોદ ટળી જાય, તું પણ જાણીશકે મને પણ આવો ભાઇ મળ્યો હતો.

ચંદ્રિકા--જા જા નીચ તારાથી શું થવાનું છે, અરે કોઈ હાજર છે.

દાસી--હાજર બાઇ સાહેબ શું હુકમ છે.

ચંદ્રિકા--દાસી આ નીચને અહીંયાથી બાહેર કાઢો, મુખ બાળો, મને એ નીચનું મોઢું જોવું ગમતું નથી.

(દાસી વીનોદને ધક્કો મારીને કાઢી મુકે છે, વિનોદ જાય છે.)

ચંદ્રિકા--દાસી તું જલદી જા, અને નારાયણ મહારાજને બોલાવી લાવ.

દાસી--જેવી બાઇસાહેબની આજ્ઞા.

(પડદો પડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ રસ્તો.

(વિનોદસિંહ તથા નર્મદાશંકરનું આવવું.)

વિનોદસિંહ—મહારાજ હું તમને એક ચીઠી લખી આપું છું તે ચીઠી લઈ અલકપુરી જાઓ અને ત્યાંના રાજા રાયસિંહને હાથોહાથ આપજો બીજા કોઇને પણ આપવી નહીં.

નર્મદાશંકર—બહુસારૂં જેવો મહારાજાનો હુકમ તે પ્રમાણે કરીશ, તેમાં મને કાંઈ પણ કહેવું પડશે નહીં, રાજકુમાર હવે લખી આપો, કારણ કે આ વખત ઘણોજ સારો છે, ચોઘડીયું પણ ઘણુંજ સારૂં છે.

(વિનોદસિંહ ચીઠી લખી આપે છે).

પ્યારા મિત્ર રાયસિંહ,

" લખવા ~~વિનંતી એ~~ જે આ બ્રાહ્મણની સાથે પત્ર તથા નાળીયેર મોકલ્યાં છે તે સ્વીકારી જલદી વિજયપુર આવજો.

તે નાળીયેર મારી બેન ચતુર ચંદ્રિકાનું છે, હું મારી બેન ચંદ્રિકા તમને મારા પ્રિય મીત્ર જાણીને આપના સાથે લગ્ન કરવાની ઈચ્છા ધરાવું છું તો આપ તે નાળીયેર સ્વીકારી જેમ બને તેમ જલદી આવજો.

લી૦ તમારો મીત્ર,

વિનોદસિંહ

વિનોદસિંહ—લ્યો આ નાળીયેર તથા ચિઠી લઇને જલદી જાઓ, અને જો તમારી સાથે આવે તો તેડતાજ આવજો. નહીંતો તમે પાછા સમાચાર લઇ જલદી આવજો.

નર્મદાશંકર—જો મારી સાથે આવશે તોતો હું જરૂરથી તેડતો આવીશ, મારાથી બનશે તેટલી મહેનત કરીને પણ તેડતો આવીશ પછે તો ઈશ્વર ઈચ્છા. (નર્મદાશંકર જાય છે)

વિનોદ—કાગળ તથા નાળીયેર મોકલ્યા તો ખરા પણ ચંદ્રિકા તથા સુરસિંહ તથા મારા બાપુ એ ત્રણે જણા એક બાજુ છે, અને હુ તો એકલો છું પણ હવે જે થાય તે ખરૂં.

(એટલામાં નારદમુની આવે છે.)

નારદ—કેમ રાજકુમાર વિનોદ અહીંયા એકલો ઉભો ઉભો શું વિચાર કરે છે.

વિનોદ—કાંઈ નહીં મુનીરાજ હું તો ખાલી અહીંઆ ઉભોછું.

નારદ—વિનોદ મેં સાંભળ્યું છે કે તું ગઈ કાલે અનાથ અબળા ચંદ્રિકા પોતાના સુંદર બગમાં સખીઓની સાથે રાસડા લેતાં હતાં. ત્યાં તું જઇને તેની સાથે ગેરવ્યાજબી શબ્દ બોલ્યો તે શું તને લાયક છે.

વિનોદ—મુનીરાજ તે મને લાયક નથી તો શું તેને લાયક છે, હું ગમે તેમ તો પણ પાટવી કુમાર છું અને તે વળી મારી વાત માને નહીં અને હું જ્યારે સમજાવવા ગયો ત્યારે મને દાસીની સાથે ધકા મરાવી બહાર કાઢી મુકયો, ત્યારેતો મને એકદમ રીસ

ચડી ગઈ, પણ હવે તો તેને જ્યાં જોઉં ત્યાં હેરાન કરવા વગર રહુંજ નહીં.

નારદ--વિનોદ તું શાન્ત થા, અને મારૂં કહેવું સાંભળ.

વિનોદ--મુનિરાજ જે કહેવાનું હોય તે ખુશીથી કહો.

નારદ--જ્યારે એનું મન રાયસિંહમાં નથી તો પછે તું શામાટે તેને જોર જુલમથી પરણાવવા માંગે છે. અબળા જાતિના ઉપર જુલમ ગુજારવો એ ક્ષત્રી પુત્રનું કામ નથી, પણ તે તો બાયલા અને હીજડા લોકનું કામ છે.

વિનોદ--હું મારી નજરમાં આવશે તેને પરણાવીશ તેમ તમારે કોઇ રીતથી વચમાં આવવું નહીં. અને જો આવશો તો તમારૂં માન રહેનાર નથી, માટે જો સમજો તો તમે તમારે રસ્તે ચાલ્યા જાઓ.

નારદ--હું તો જાઉં છું પણ તારા વિચાર તનેજ દુઃખી કરશે, માટે તારા બધા વિચાર પડતા મુક અને તારા બાપુના મતને મલી જસ લે, ચંદ્રિકાના ભવલલાતમાં ચંદ્રસેનજ લખેલો છે તેને કોઇ પણ ફેરાવી શકનાર નથી, કદી તું ઉંચેથી નીચે પછડાઇશ, તોપણ તારૂં કાંઇ વળવાનું નથી, આ મારાં વચન યાદ રાખજે.

વિનોદ--તમે જે કહો છો તેમાંની એક પણ વાત માનનાર નથી, તમે જે શીખામણ આપો છો તે બધી ઉલટીજ છે, હવે છાનામાના ચાલ્યા જાવ.

નારદ--આ તારી બધી સમજણ ભુલ ભરેલી છે, તું માનતો નથી તો દુઃખી થઇશ, અને તારી કોઈ પણ આશા સફળ થવાની નથી.

(પડદો પડે છે.)

પ્રવેશ ૬ ઠો.

(સ્થળ ચંદ્રિકાના રંગ મહેલ.)

ચંદ્રિકા—દાસી નારાયણ તો હજી સુધી આવ્યો નહીં, મને જેમ જેમ વાર થાય છે, તેમ તેમ શરીરમાં વ્યાધી પેદા થાય છે.

દાસી—બાઇ સાહેબ હવે તો આવવા જોઇએ.

ચંદ્રિકા—દાસી તું ફરીથી જા, અને જલદી બોલાવી લાવ.

દાસી—બાઈ સાહેબ, જેવી આજ્ઞા. (દાસી જાય છે)

ચંદ્રિકા—હાય હાય મારો વડીલ બંધુ વિનોદ મને દુઃખી કરવા ચાહે છે, તે ઘણો નીચ છે, પણ મારો વાલો ભાઈ સુરસિંહ મારી ઉપર રહેમ નજરથી જુએ છે, તો તે જખ મારે છે તોપણ ભુંડો ભુંડાઇનો ભાવ ભજવવા વગર રહે નહીં. માટે હે જગતકર્તા પરમેશ્વર મારી વારે ચડી આ અબળા જાતીના ઉપર દયા લાવી સહાય કરશો, (એટલામાં નારાયણ તથા દાસી આવે છે)

ચંદ્રિકા—આવો મારાજ,

નારાયણ—સુખી રહો આનંદ પામો, અને બાઇની ચઢતી કળા થાઓ.

ચંદ્રિકા—મહારાજ તમને મેં બોલાવા માટે બેવાર દાસીને મોકલી તોપણ તમે આવ્યા નહીં તેનું શું કારણ ?

નારાયણ—બેન ચંદ્રિકા તમે જાણોતો છો કે હું કેવી દુઃખી હાલતમાં છું,

ચંદ્રિકા—તમને તે વળી શું દુઃખ છે, તે દુઃખ તો મને કહો, તો તે તમારૂં દુઃખ ઇશ્વિર કૃપાથી જલદી કાપી આપીશ.

નારાયણ—હેં હેં (કરીને અચકાઇ જાય છે)

ચંદ્રિકા—મહારાજ કેમ બોલતા નથી. શામાટે અચકાવો છો જે હોય તે ખુશીથી કહો, અચકાશો નહીં, તમે ના કહો તો તમને મારા સમ છે.

'**નારાયણ**—હેં હેં આ એકદમ સમ તે વળી દેવાતા **હશે.** પણ ઠીક ચાલો પછે કહીશ.

ચંદ્રિકા—ગમે તેમ હોય તોપણ હમણાને હમણા કહો,

નારાયણ—બા સાહેબ, જુઓ સાંભળો આ દુનિયા**માં** મારા જેવો દુઃખી કોઈ પણ હશે નહીં.

ચંદ્રિકા--એવું શું દુઃખ છે.

નારાયણ—બાઈડી નથી, માટે બધું કામ હાથે કરવું પડેછે. તો મને બીલકુલ નવરાશ મળતી નથી.

ચંદ્રિકા—શું તું બાઈડી પરણવા માગે છે.

નારાયણ—હા હા બાઇ સાહેબ.

ચંદ્રિકા—મારૂં કામ જ્યારે તમે કરીને આવશો ત્યારે **તમને** હું પરણતાં જે ખર્ચ થાય તે કરતાં પણ વધારે રૂપીઆ આપી**શ.**

નારાયણ—ઠીક ત્યારે બા શું કામ છે તે જલદી કહો.

ચંદ્રિકા—હું જે તમને પત્રિકા લખી આપું છું તે લઈ **તમે** ચંદેરી નગર જાઓ, અને ત્યાંના રાજા ચંદ્રસિંહના **હાથોહાથ તે** પત્રિકા આપજો.

નારાયણ—બહુસારૂં બાઇ સાહેબ.

ચંદ્રિકા— દાસી ખડીયો કલમ તથા કાગળ લાવ,

દાસી--બહુસારૂં બાઇ સાહેબ. (દાસી **જાયછે**)

ચંદ્રિકા--જોજો હો ભુલ ખાતા નહીં કારણ કે **મારો** વડીલ બંધુ વિનોદ મુને દુઃખી કરવા માગે છે, માટે તેનાથી **તમે** ચેતતા રહેજો.

નારાયણ—એનો ભાર શું છે, એ મને ભુલાવી જાય, **એ** વાત સ્વપ્ને પણ સાચી માનવી નહીં. તમે ખુશીથી લખી **આપો,** હું થોડા દીવસમાંજ સારા સમાચાર લાવી આપીશ.

(દાસી ખડીઓ કલમ તથા કાગળ લઇ આવે છે. ')

(ચંદ્રિકા ચંદ્રસિંહ ઉપર પ્રેમ પત્રિકા લખે છે.

પ્રેમ પત્રિકા.

મારા પ્રાણથી પ્યારા,

"ચંદ્રસિંહ"

" લખવા વિનંતી એ છે કે હું આપની દાસી આપના વીરહમાં પડી દુઃખી થાઉં છું તો મારી અબળા જાતિ ઉપર રહેમ લાવી મારી વારે આવશો, અહીંઆ મારો વડીલ બંધુ વિનોદસિંહ મને ઘણુંજ દુખી કરે છે, અને ચંડાલ રાયસિંહની સાથે મારાં લગ્ન કરવા માંગે છે, માટે આપ મારી વારે ચડી મારા દુઃખનો અંત આણશો, આ પત્રિકા વાંચી મારી ખબર નહીં લેશો તો આપ નકી જાણજો કે આ મારો જીવ આ દેહમાંથી ચાલ્યો જશે. અને આ મોકલેલા બ્રાહ્મણની સાથે આપની પવિત્ર છબી મોકલાવવા કૃપા કરશો."

લા૦ આપની આભારી દાસી,

"ચંદ્રિકા"

(આ પ્રમાણે લખી પછે ઉતાવળેથી વાંચે છે)

ચંદ્રિકા—ઠીક ત્યારે લ્યો આ કાગળ અને જલદી જાઓ. હું તમારી રાહ જોઇ બેઠી છું અને જ્યારે આવશો ત્યારે તમને સારી રીતે રાજી કરીશ.

નારાયણ—બહુ સારૂં બાઈ તમે કોઈ વાતની ચિંતા કરશો નહીં, પણ હું જ્યારે આવીશ ત્યારે જે તમે આગળ કહેલું છે તે પ્રમાણે આપજો હો.

ચંદ્રિકા—મહારાજ હું તમને જરૂર કહેલા રૂપીઆ આપીશ તેમાં તમારે કોઈ જાતની ચિંતા કરવી નહીં, અને જેમ બને તેમ જલદી જાઓ.

નારાયણ—મને જવામાં કાંઇ વાર નથી પણ આગળથી નકી કીધેલું હોયતો સારૂં કે નહીં, ચેતતા નર સદાયે સુખીયા.

ચંદ્રિકા—આ બ્રાહ્મણ પણ લોભી જણાય છે, પણ મારૂં કામ થાશે તો એક હજાર તો શું પણ તેથી પણ વધારે આપવા હું રાજી છું.

(લાવી લાવી લાવીરે મહારાણી ખબર એક લાવી—એ રાગ)
આપીશ આપીશ આપીશરે રૂપીઆ હજાર હું આપીશ.
જલદી જાતું લ્યાવ છબી આપીશ હું તને ત્યારેરે—રૂ૦
મારૂં દીલતો તેનામાં લાગ્યું કહેજે જંખે છે તમનેરે—રૂ૦
જાજે તું જલદી તેની પાસે હવે ક્યારે તું આવીશરે—રૂ૦
છબી લઇને આવજે જલદી વાટ જોઉં છું તારીરે—રૂ૦

નારાયણ—ઠીક બા ત્યારે હું જાઉં છું.

ચંદ્રિકા—જલદી જાઓ.

(નારાયણ ઘણોજ ખુશી થઇને જાય છે)

ચંદ્રિકા—દાસી હવે જ્યાં સુધી નારાયણ આવે ત્યાં સુધી દુષ્ટ વિનોદના દુઃખ સહન કરવાં પડશે.

દાસી—બાઈ સાહેબ હીમત રાખશો તો બધું સારૂં થશે. સુખ ભોગવવાં કાંઇ સહેલા નથી આ દુનીઆમાં જેટલાં દુઃખ સતી નારી પર પડે તેટલાં થોડાંજ સમજવાં પણ છેવટની વખતે સુખજ મલશે. (એટલામાં ચંદ્રિકા સુઇ જાય છે)

(કમળાવતી આવે છે)

કમળાવતી—દાસી ચંદ્રિકા કયાં છે અને હમણા શામાટે મારી પાસે આવતી નથી.

દાસી—બાઈ સાહેબ તેમના લગ્ન બાબતની વાતો ચાલે છે તેમાં વિનોદસિંહ આડે રસ્તે વરાવવા માંગે છે, તેથી બહારે નીકળતાંજ નથી, અને હમણાં સઈ ગયા છે,

કમળાવતી—દાસી ત્યારે હું જાઉં છું, અને જ્યારે ઉઠે ત્યારે કહેજે કે માતાજી મળવા માટે આવેલાં હતાં પણ તમે સુતેલાં હોવાંથી પાછાં ગયાં,

દાસી—બાઈ મલવા માટે ઘણી ઇચ્છા રાખતા હતા માટે સાવ ઉઠાડું. જોઉં તો ખરી જાગે છે કે સુઇ ગયાં છે.

કમળાવતી—ઠીક ત્યારે જો.

દાસી—(પલંગ પાસે જાય છે) બા બા ઉઠો માતાજી મલવા માટે આવ્યા છે.

ચંદ્રિકા—(એકદમ નિદ્રામાંથી ઝબકી ઉઠે છે) કોણ મા હાં માતુશ્રી ક્યાં છે.

દાસી—બાઇ સાહેબ આ સામે ઉભાં.

ચંદ્રિકા—(એકદમ દોડીને માતુશ્રીને ભેટી પડે છે.

કમળાવતી—ચંદ્રિકા ઘણા દીવસ થયાં મારી પાસે કેમ કેમ આવતી નહતી.

ચંદ્રિકા—માતુશ્રી તમને ખબર તો હશે, કે મારો વડીલ બંધુ વિનોદ એકદમ મારા ઉપરે જુલમ ગુજારે છે તેથી હમણા હું બહાર નીકળતી પણ નથી. કેમકે મારા બાપુ તથા સુરસિંહ જે મુનિરાજે બતાવેલા રાજકુમારની સાથે મારાં લગ્ન કરી આપે છે પણ વિનોદ તેનાથી ઉલટો ચાલી તેના મિત્ર રાયસિંહની સાથે લગ્ન કરવા માંગે છે જો તેમ થશે તો આ મારા પ્રાણ આ દેહ છોડી ચાલ્યા જશે.

કમળાવતી—હું તેને સમજાવીશ તેમાં તારે કોઇ વાતની ચીંતા કરવી નહીં. (પડદો પડે છે)

પ્રવેશ ૭ જો.

સ્થળ રસ્તો.

(નારદને નારાયણ રસ્તામાં સામે મળે છે)

નારદ—કેમ નારાયણ તું આટલો બધો જોરમાં ક્યાં ચાલ્યો જાય છે.

નારાયણ—કોણ મુનિરાજ, મહારાજ હું તમને ભુલી ગયો મુનીરાજ પાયલાગો. પાયલાગો.

નારદ—અરે નારાયણ હું તારો ગુરૂ અને વળી મને તું કહે છે કે પાય લાગ. પાય તો તારે લાગવું જોઇએ.

નારાયણ—મારી ભુલ થઈ ગઈ છે તો હવે શિષ્ય જાણી માફ કરજો. ભુલ્યા ત્યાંથી ફરી ગણવું. મુનિરાજ પાય લાગું છું.

નારદ—સુખી રહો બચ્ચા.

નારાયણ—મુની આપ કયા ગયા હશો.

નારદ—નારાયણ હું જાત્રા કરવા સારૂ કાશી ગયો હતો, હવે પાછો વળી ધામમાં જાઉં છું પણ તું કયાં જાય છે,

નારાયણ—મુનીરાજ હું વિજયસિંહની પુત્રી ચંદ્રિકાના પ્યારા ચંદ્રસિંહને આ ચીઠી આપવા જાઉં છું,

નારદ—પણ તે ગોરાણી કરી કે નહીં.

નારાયણ—મુનીરાજ હમણા પણ રૂપીઆની સગવડ કરૂં છું. જો રૂપીઆ મલ્યા તો બીજે દીવસેજ બાઈડી પરણવાના.

નારદ—હજી સુધી તું પરણવાનો શોખ મુકતો નથી.

નારાયણ—મુનીરાજ તે શોખતી મુકાય.

નારદ—નારાયણ શામાટે ના મુકાય.

નારાયણ—એક તો મારે હાથે રસોઇ કરવી પડે, બીજી રાજની નોકરી કરવી, ત્રીજી ગામમાં ભીક્ષા માગવી. તે બધું મારા એકલાથી કેમ બની શકે. જો કદાપી સ્ત્રી ના પરણું તો મારાથી જીવાય પણ નહીં.

નારદ—ત્યારે હવે શું કરવું, તને આ પણ પસંદ કોઈ આવતી નથી, વળી જીવાય પણ નહીં ત્યારે હવે તેનું શું થાય, કાંઈ સુખી થા એવો ઉપાય કર.

નારાયણ—મુનીરાજ મને તો મારા બાપના વચન પ્રમાણે વરતવું જોઇયે નહીંતર કયારેએ ગોરાણીઓ કરી લીધી હોત.

નારદ—નારાયણ બાપના વચન પ્રમાણે ચાલીને શું દુઃખી થવાય.

નારાયણ—હું પણ તેમ ધારીને આજ સુધી વચન પાળ્યું પણ હવે તો જેમ બનશે તેમ જલદી પરણી સુખી થઇશ.

નારદ—તને કેવડી સ્ત્રી મળે તો તું પરણીશ.

નારાયણ—સોળ વરસની સુંદરી હોય તો પરણું

નારદ—તેવી કદાપી નહીં મળે તો પછે શું કરીશ.

નારાયણ—તો પછે વાંઢો રહીશ પણ એવી નહીં મળે ત્યાં સુધી પરણીશ નહીં.

નારદ—ઠીક ત્યારે એવી મળે ત્યારેજ પરણજે.

(પડદો પડે છે.)

પ્રવેસ ૮ મો.

(સ્થળ ચંદ્રસિંહની રાજ કચેરી)

સભાસદો—

પ્રજાપાલ પ્રજાપાલ આનંદ આજતો.
તખ્તે બીરાજો હર્ષતી વદે સહુ સભાજનો.
રૈયત સઘળી દે છે આશીશ અવીચળ રહો નૃપ.
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ નીરંજન તપો તમારૂં તખ્ત,
છત્રસીર રણધીર ઉજ્વળ નરવર મંગળ ધરધર જય જય જય.
સુર્ય સમાન ઝળકો ભુપ, ચંદ્રસિંહ તદરૂપ (૩)—પ્રજાપાલ૦

વારાંગાનઓ--એ જગધર ગીરધર શીરમંર નીરવર—એ રાગ.

હે પ્રીતમ પ્યારા જગકર્તા સુખ કરજો તમે હમેશ
સુખ આપ દુઃખ કાપ
સુખી રહો સદા ખુશી રહો સદા પ્યારારે અમારા
ચંદ્રસેન પ્યારા દુઃખ હરતા—હે૦

જીવન આધારા અમર રહોને સુખી સદા અમોને રાખશો.
હાં હાં વીજય થાઓ (૨)
અવીચળ અવાચળ રહોજ સદા,
કીર્તી ફેલાવી ઘણી અમર કહેવરાવી,
પ્યારા રહેશો આનંદે સદા--હે-

(એટલામાં નારાયણ આવે છે)

ચોપદાર—મહારાજાધિરાજ એક બ્રાહ્મણ વિજયપુરથી ચીઠી લઇને આવેલો છે, તે આપને મલવાની ઇચ્છા રાખે છે,

ચંદ્રસિંહ—તેને ઘણીજ ખુશીથી આવવા દીયો

(નારાયણ અંદર આવે છે.)

નારાયણ—ચંદ્રસિંહ મહારાજની ચડતી કળા થાઓ.

ચંદ્રસિંહ—મહારાજ તમે કયાંથી આવો છો, અને તમારે મારૂં શું કામ છે?

નારાયણ—મહારાજા હું વિજયપુરના રાજા વિજયસિંહની ચતુર કુંવરી ચંદ્રિકાના મોકલવાથી આવેલો છું ને તેણે આ ચીઠી આપી છે અને કહ્યું છે કે આ ચીઠી ચંદેરી નગરીના મહારાજા ચંદ્રસિંહને હાથોહાથ આપજો (નારાયણ ચીઠી આપે છે)

ચંદ્રસિંહ—મારાજ હું પોતેજ ચંદ્રસેન છું.

ચંદ્રસિંહ--(ચીઠી વાંચીને) પ્રધાનજી આ વિજયપુરના રાજા વિજયસિંહની પુત્રી ચંદ્રિકાની આ પત્રિકા વાંચી મારૂં મન ધીરજ ધરી શકતું નથી,

પ્રધાનજી—મહારાજ તેનું શું કારણ છે.

ચંદ્રસિંહ—અફસોસ! શું સિંહનો ભાગ શિયાળ લઇ જાય, ત્યારે તો થઇ રહ્યું જ્યાં સુધી આ દુનિયામાં ક્ષત્રિ બેઠો છે, ત્યાં સુધી શું એવા નમાલાના હાથમાં હીરો જાય તે તો હું સ્વપ્ને પણ માનતો નથી. માટે હું જાઉં છું અને જો નહીં જાઉં તો તે અબળા મારી પાછળ જરૂર ઘાત કરશે, અને વળી છેવટની

વારે લખે છે કે છબી તો જરૂર મોકલજો જેથી ફરી આ મારો પાપી જીવ આપના પવિત્ર મુખના દરશન પામે, આહા શું એનું લખવુ, એના એક એક શબ્દ મારા હૃદયમાં ખટકી રહ્યાં છે, કયારે જાઉં અને મારી પ્રાણથી પ્યારી ચતુર ચંદ્રિકાને મલું, આહા કેવું એનું મધુરું નામ છે અફસોસ શું કરૂં શું ન કરૂં પણ ઠીક યાદ આવ્યું પહેલાં મારી પવિત્ર છબી મોકલી આપી એના તલપી રહેલાં હૃદયને તૃપ્ત કરૂં કેમ પ્રધાનજી તમારો શું વીચાર છે તે જણાવો, કારણકે આ વખતે જરૂર તમારી સલાહ લેવી જોઇએ.

પ્રધાનજી—મહારાજ મારો પણ એજ વિચાર છે હાલમાં આપની છબી મોકલી આપો, અને પાછળથી આપ ખુશીથી પધારો.

ચંદ્રસેન— રાગ દક્ષિણી સાખી

આશા પુરી કરશો કયારે, હે દીનબંધુ મારી,
મનની હાંસજ મનમાં રહેશે, બધી પ્યારની પ્યારી,
સુખ લેવું સાથી, ચલે નહી મારી હવે કારી.

મારાજ લ્યો આ છબી તે તેને આપજો અને કહેજો કે કોઈ પણ જાતની ચીંતા કરશો નહીં. અને હું થોડા દીવસમાં આવી તમને મલીશ. આ રીતે તેને કહેજો. અને તમે જલદી જઈ તેને હીમત ભરેલી ખબર આપો અને તેનું મન શાંત કર, પ્રધાનજી મારાજને દક્ષિણા આપી વીદાય કરો.

નારાયણ—મહારાજની ચડતી કળા થાઓ. અને હે પરમાત્મા ચંદ્રસિંહ—ચદ્રિકાનું જોડું અમર રાખો. (જાય છે)

ચદ્રસિંહ—સેનાપતી આજે મારે શીકારે જવાનો વિચાર છે તો બે સારા હુશીયાર સ્વારને મારી સાથે મોકલાવો.

સેનાપતી—હાજર સાહેબ જેવી આજ્ઞા.

ગુલાબો—મહારાજા હું બધી વાતે હુશીયાર છું ને શીકાર કરવામાં તો વળી એકદમ હુશીયાર છું, જો આપની આજ્ઞા હો તો આપની સેવા બજાવવા માટે આપની સાથે આવવા તઈયારછું.

ચંદ્રસિંહ—ઠીક તું પણ મારી સાથે આવવા તઈયાર થા.

નાથો-મહારાજ હું પણ આપની સાથે આવવા તઈયાર છું. જો આપની આજ્ઞા હોતો હું પણ તઈયાર થાઉ.

ચંદ્રસિંહ—સાબાસ મારા શુરા સામંતો તમારા વચનો સાંભળી હું ઘણોજ ખુશી થયો છું, તમે ખુશીથી મારી સાથે આવવા તઈયાર થાઓ.

ગુલાબો અને નાથો-ધરી રામનું ધ્યાનરે-એ રાગ

લઈ બધાં હથીયારરે ચાલો શીકારે જઈયે.
અરણ્યમાંથી શોધી કાઢીને શોધી શોધીને મારો ઠારરે-ચા૦
હું છું શુરો શીકાર કરવામાં શોધી કાઢો શીકારરે-ચા૦
આપણ બંને જઈયેજ જલ્દી ક્યારે કરીયે શીકારરે-ચા૦

(પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ રસ્તો.

ચંદ્રિકા—(મારૂં જોબન વીતી જાય સખી કંથ વિના—એ રાગ

મારૂં મનડું બહુ મુંઝાય સખી દુઃખ પડયુ હાય ભારી શું,
શુણી વાત મુને કંઈ ના ગમે હાય કરૂં શું—મારૂં૦
શાંતી ન આપે મનડું વાતમાં એ મારૂં,
હું વારૂં કેણીગમે મનડું મારૂં વારૂં,
ચંદ્ર ચંદ્ર નામ જપવું હાય થશે શું—મારૂં૦

દાસી મારો જીવ ઘણો મુંઝાય છે, હવે જ્યારે નારાયણ આવે

ત્યારે મારો જીવ શાંન્ત થાય, હાય હવે કયારે નારાયણ આવશે.

દાસી—બાઈ સાહેબ ચીંતા કરવાથી કાંઈ વળે નહીં રસ્તાનું કામ છે, પણ હવે તો આવવાં જોઇયે. (એટલામાં નારાયણ આવેછે)

નારાયણ—(હું ચંદ્રિકાને મળવા તથા છબી આપવા જતો હતો પણ આતો અહીંયાજ મલી ગયાં.)

દાસી—લ્યો બાઈસાહેબ આ નારાયણ મારાજતો આવ્યા.

નારાયણ—સુખી થાઓ, બાઇને અમર રાખો.

ચંદ્રિકા—મહારાજ મારો જીવ ઘણો મુંઝાય છે, હવે તું જલદી મારા પ્રાણથી પ્યારા ચંદ્રના સમાચાર કહી સંભળાવ.

નારાયણ—(ચંદ્રિકા તો ચંદ્રસિંહનું નામ જપ્યાજ કરે છે માટે લાવ સમાચાર આપીને તેનું મન શાંન્ત કરૂં) બાઇ લ્યો આ તમારા પ્રાણથી પ્યારા ચંદ્રસિંહની આ છબી અને તેણે કહ્યું છે કે હું તેની ખબર થોડી મુદતમાં લઇશ. માટે તમે હવે કાંઈ પણ ચીંતા કરશો નહીં.

ચંદ્રિકા—બીજું કાંઈ બોલ્યા છે કે નહીં.

નારાયણ બાઈ બીજું તો કાંઈ પણ બોલ્યાં નથી.

ચંદ્રિકા—(પોતાની ડોકમાંથી હાર કાઢીને) નારાયણ મારાજ લ્યો આ હાર હું તમને દક્ષિણામાં આપું છું.

નારાયણ—(હાથમાં હાર લઇને) સ્વસતિ. બાઈ તમારૂં ભલું થાઓ. (વાહરે વાહ હારતો ઘણોજ કીમતી છે, આમાંથી એકતો શું પણ બે બાઈડી પરણશું તોપણ ખુટશે નહીં. (જાય છે)

ચંદ્રિકા—દાસી આ કેવી સુંદર છબી છે, આ છબી જોતાંજ મને તો ઘણો મોહ ઉપજે છે. હવે કયારે આવીને મને દરશન આપી મને પ્યારી કહીને બોલાવે.

દાસી—જો આવો પતિ મલે તોજ મનમાનીતી મોજ મલે, અને તોજ મનની ઇચ્છા પુરણ થઈ ગણાય.

ચંદ્રિકા— **માલિની છંદ**

પ્રીતમ આ પ્યારો, રાજકુંવર રૂપાળો,
નક્કી થાશે પ્યારો મારો એ નિશ્ચે જાણો,
દાસી-- નથી નથી નથી ઇચ્છિતી, રાયસિંહ નીચને એ,
ચંદ્રિકા--ચીત લીધું ચોરી, પ્રીતથી આ છબીએ.

દાસી—(બાઇ તો આ છબી જોઇને ગાંડી થઈ જાશે એવું મને જણાય છે.)

ચંદ્રિકા—અરે નીચ વિનોદ તારૂં આ રાજકુમારે શું બગાડયું છે, કે તેની સાથે મારા લગ્ન કરવામાં તું શામાટે આડો આવે છે, હે પ્રભુ મારા નીચ બંધુને સદબુદ્ધિ આપો કે જેથી મારા પ્રાણપતી મેળવવામાં આડો આવે નહીં. પણ હે પ્રભુ મને તેનો બીલકુલ વિશ્વાસ આવતો નથી.

દાસી—બાઇ સાહેબ તમારી ઇચ્છા પ્રભુ પુરી કરશે.

ચંદ્રિકા—શીદ કલપાવો સતાવો હુ છું રાંક જુઓ-એ રાગ.
વાહવાહ પ્યારી આ મનોહર છબી કેવી સારી આનંદકારી છે.
આનંદીત છબી આછે પ્યારાની કેવી મનને હરનાર,
પ્યારથી એને પ્યારો કરૂં હવે, રાખી મનમાં પ્યાર-વાહ૦
કયારે મળે એ પ્યારો હવે મુને, ચંચલ ચીત મુજ ચાય;
પ્યારથી મુને પ્યારી કહી બોલાવે, કયારે ચંદ્રસિંહ રાય-વાહ૦
અંતર મારૂં ઉભરાઇ ગયું છે, જોઈ છબી તે વાર.
હાય હાય હવે જીવ લલચાય, કયારે જોડાયે મુજ પ્યાર-વાહ૦

(પડદો પડે છે.)

પ્રવેસ ૧૦ મો.

સ્થળ રાયસિંહનો રાજદરબાર.

રાયસિંહ—પ્રધાનજી આજે મારો રાજ્યાભિસેકનો દીવસ છે માટે આજ ગરીબ ગરબાઓને સારી પેઠે ધનદોલત આપી ન્યાલ કરજો.

પ્રધાનજી—બહુસારૂં મહારાજ.

રાયસિંહ—વારાંગનાઓ તમારો નાચ શરૂ કરો.

વારાગનાઓ—પિયા મયે ન માનું ન માનું મનાયે—એ રાગ

રાજાજી શું આવ્યું અકલનું ગુમાન,
પીયુજી અમર રહેશો, અમર રહેશો—શું૦
રાજાજી ઉત્સવનો દીન આજનો છે,
આનંદ આનંદ ન સમાય—પીયુજી•
આવીઉં હર્ષથી ઓવારણા લઇ, સફળ કરો અવતાર—પીયુજી•
પ્રધાનજી શાણા બહુ છે, શોભે તમારૂં આ તાજ—પીયુજી•

(એટલા નર્મદાશંકર આવે છે.)

ચોપદાર—મહારાજા એક બ્રાહ્મણ આવેલ છે તે આપને મલવા માંગે છે.

રાયસિંહ—ખુશીથી આવવા દીયો. (અંદર આવે છે)

નર્મદાશંકર—મહારાજાધિરાજની ચડતી કળા થાઓ.

રાયસિંહ—મારાજ તમે કયાંથી આવો છો.

નર્મદાશંકર—વિજયપુરથી

રાયસિંહ—શામાટે આવવા તસ્દી લીધી છે.

નર્મદાશંકર—મહારાજા તમારા મિત્ર વિનોદસિંહે આ ચીઠી તથા નાળીયેર મોકલાવ્યું તે આપ ખુશીથી કબુલ કરશો.

રાયસિંહ--પ્રધાનજી આ નાળીયેર તથા ચીઠી લઇ તે ચીઠી વાંચો, તેમાં શું બીના લખે છે.

(પ્રધાનજી હાથમાં ચીઠી લઇને વાંચે છે.)

પ્યારા મિત્ર રાયસિંહ,

" લખવા વિનંતિ એ જે આ બ્રાહ્મણની સાથે પત્ર તથા નાળીયેર મોકલ્યાં છે તે સ્વીકારી જલદી વિજયપુર આવજો. તે નાળીયેર મારી બેન ચતુર-ચંદ્રિકાનું છે, હું મારી બેન ચંદ્રિકા તમને મારા પ્રિય મીત્ર જાણીને આપની સાથે લગ્ન કરવાની ઇચ્છા ધરાવું છું તો આપ તે નાળીયેર સ્વીકારી જેમ બને તેમ જલદી આવજો. લી૦ તમારો મીત્ર,

વિનોદસિંહ

રાયસિંહ--અહાહા ચંદ્રિકા મારી રાણી થશે. પ્રધાનજી આજ આનંદ આનંદ બીજી વાતજ નથી. વારાંગનાઓ તમારો નાચ જલદીથી શરૂ કરો,

વારાંગનાઓ-ખુશી ખુશીરે સઘળા સાજનો---એ રાગ.

પુરી પુરી વધામણી છે આજની, મળી છે આનંદ સાથની.
માગ્યું આવ્યું છે પિયુ તમારૂં, લાગે અમને આનંદકારૂં,
આશા રાખી પુરી જેને મળી છે ચતુર નારી એને-પુરી૦
દરબારીઓમાં ઉછરંગ આનંદ વરત્યો વધામણી જાણુતા.
ઓળખાઇ ગઇ મહારાજની દરબારીઓમાં શાણુતા.
વારીજાઉં મહારાજપર ઓવારણા લઉં હરીફરી,
જામો કીર્તી તમારી જગમાં ઇનામ આપો ઘડી ઘડી-પુરી૦
તનનતોમતોમ તનનતોમતોમ તનનતોમતોમ તનનતોમતોમ
તરકીટધા તરકીટધા તરકીટધા ધા ધા ધા ધા-પુરી૦

અંક પહેલો સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેસ ૧ લો.

સ્થળ જંગલ.

ચંદ્રસિંહ--ગુલાબા આપણે આ જંગલમાં આવ્યા પણ હજી સુધી એકે શીકાર મળ્યો નહીં. અફસોસ એક હરણું જોવામાં આવ્યું પણ ઘા ખાલી જવાથી નાશી ગયું અફસોસ હવે કયારે શીકાર મલે,

(પ્રભુ કરી શી દશા મારી--એ રાગ.)

હાં હાં પ્રભુ ખાલી જશે કેમ બાણ,
પ્રભુ હાયે ખાલી જાય કેમ બાણ-હાંહાં૦
ચુકી ગયો હું વખ્ત એ ભારી, ભાગી ગયું હરણું તે વારી,
કર સહાય પ્રભુ મુજને મુજને—ખાલી૦
હાય હાય કેમ ખાલીજ જાયે, બાણ મારૂં ચડયું જે હાથે
જીવ અકળાય મારોજ ભારી—ખાલી૦

અફસોસ મારૂં અમરબાણ જે કદી પણ ખાલી જાય નહીં. તે પણ ખાલી ગયું, હે પ્રભુ તું હવે સહાય કર.

ગુલાબો—મહારાજ મોટા મોટા મુનીવરના બાણો પણ ખાલી જઇ ચુકયાં છે, આપ શામાટે ચીંતા કરો છો, ચાલો અહીં ના મલ્યો તો બીજી જગાપર મલશે.

નાથો—હા મહારાજ ગુલાબાની વાત બરાબર છે.

ચંદ્રસિંહ—ઠીક જ્યારે તમારા બેઉની મરજી એવી છે તો ચાલો આપણે જઇએ. (પડદો પડે છે.)

પ્રવેસ ૨ જો.

સ્થળ રસ્તો.

નારાયણ—વાહરે વાહ હાર કેવો મજાનો છે, પણ આ હારની પહેરનારી કોઈ જગ્યાએ મળતી નથી. મુલકો મુલક ફરી ચુકયો પણ કોઈ જગ્યાએ આ હારને લાયક સારી સ્ત્રી મળતી નથી. ઠીક જરા આ રસ્તામાં ઉભો રહું સામેથી કોઈ સુંદરી જેવી સ્ત્રી કોઈ ચાલી આવે છે, જરા જોઉં તો ખરો.

(એટલામાં પારવતી આવે છે)

પારવતી—આ તો કોઇ મુરખ જણાય છે પણ ચાલ પુછું તો ખરી મહારાજ તમે કોણ છો અને આંહી રસ્તામાં શામાટે ઉભા છો.

નારાયણ—સુંદરી સાંભળો હું શીવશંકર ભટનો દીકરો છું અને મારૂં નામ નારાયણ છે. હું વળી મનગમતી સ્ત્રીની શોધમાં ફરવા નીકળ્યો છું, પણ થાકી જવાને લીધે આહીં જરા ઉભોછું.

પારવતી—મહારાજ તમને કેવી સ્ત્રી હોયતો પસંદ કરો,

નારાયણ—મને તો તમારા જેવડી તમારા જેવી રૂપાળી અને તમારા જેવી સ્વભાવવાળી બધી બાબતમાં તમને બરાબર મલતી આવે એવી હોયતો પસંદ આવે.

પારવતી—મને નહીં.

નારાયણ—તમને કેમ કેવાય, તમે જો કુંવારા હો તો તમારી સાથે પરણવા ખુશી છું. પણ તમારૂં નામ શું,

પારવતી—હા હજી હું કુંવારી છું અને મારૂં નામ પારવતી છે.

નારાયણ—ત્યારે આપણી જોડી તો સારી મલી.

પારવતી—ત્યારે શું તમે મારી સાથે પ્યાર જોડવા માંગોછો.

નારાયણ—(આતો ગાડું ફરયુ. મોરથી કહે છે કે મને પસંદ નથી કરતા, અને હવે નવેસલેથી ભાવ ખાવા જાય છે, પણ મને તો ઘણી ભણેલીને હુશીયાર લાગે છે. પણ કોઇ ગરીબ બ્રાહ્મણની પુત્રી હોય એમ જણાય છે.) ના હું પ્યાર જોડવા નથી માગતો પણ હું તો તમારી સાથે પરણવા માગું છું તમે સમજો છો કે નહીં નકર બીજીવાર સમજાવું છું.

પારવતી—(આતો ગાંડા જેવો લાગે છે) હા હું તો સમજું છું પણ તમે રૂપીઆ લઇને આવ્યા છો, કે ખાલી હાથે.

નારાયણ—(જોઇયું કે શું રૂપીઆ) કેટલા રૂપીઆ.

પારવતી—કમતીમાં કમતી એક હજાર રૂપીઆ.

નારાયણ—(ઓ બાપ એક હજાર રૂપીઆ) બસ એક હજારજ રૂપીઆ. એમાં તે શું વળી.

પારવતી—ઠીક ત્યારે હું મારા માબાપને સમજાવી હું મારા લગ્ન તમારી સાથે કરાવી આપીશ.

નારાયણ—ઠીક ત્યારે હવે જાઓ અને જેમ બને તેમ જલદી લગ્ન થાય તેમ કરજે ઠીક હવે જા, અને સારા ખબર લઇને પાછી જલદી આવજે.

નારાયણ—

જોઉં તારૂં મુખડું રાજી રાજી થાઉં મારી રંગુડી બાપડી.
વાહ તારો લટકો વાહ તારો ચટકો,
તારા નેણાપર વારીવારી જાઉં—મારી૦

પા—વાહરે વાહ મારા સ્વામી છોગાળા.

ના—જાઇએ રૂપાળા.

પા—કાજળથી કાળા.

ના—મકરવું ચાળા—જોઉ૦ (પડદો પડે છે)

અંક ૩ જો.

સ્થળ ચંદ્રિકાનો સુંદરબાગ

ચંદ્રસિંહ—અહાહા શું સુંદર બગીચો છે, કેવાં ગુલાબનાં ફુલ બહાર આપે છે. અહા ખરેખર કોઈ રાજકુંવરીનો બગીચો જણાય છે, બગીચાની અંદર કેવો સુંદર મેહેલ છે ચાલ જરા અંદર જઇ આરામ લઉં. (જાય છે)

સીપાઇ—તમે કોણ છો.

ચંદ્રસિંહ—મુસાફર.

સીપાઇ—શામાટે અંદર જાવ છો.

ચંદ્રસિંહ—થોડો આરામ લેવા માટે.

સીપાઇ—(લાગે છે તો કોઈ રાજકુમાર જેવો) આ બગીચો કેનો છે, તેની તમને ખબર છે.

ચંદ્રસિંહ—નહીં નહીં હું તો મુસાફર છું મને કેવી ખબર.

સીપાઇ—આ બગીચાની અંદર કોઈ માણસને અંદર આવવા દેવાનો હુકમ નથી આ બગીચો આ વિજયપુરના રાજા વિજયસિંહની પુત્રી ચંદ્રિકાનો સુંદર બાગ છે.

ચંદ્રસિંહ—એ રાજકુંવરી ક્યારે અહીં આવશે.

સીપાઇ—હજી થોડીવાર પછી આવશે.

ચંદ્રસિંહ—ત્યારે હું થોડો વખત આરામ લઈ ચાલ્યો જઇશ.

સીપાઈ—જો તમે કદી નહીં જાઓ ને જો કુંવરી આવી જાશે તો નક્કી મારા બાર વાગી જાશે.

ચંદ્રસિંહ—તું કોઈ જાતની ફીકર નહીં કર, હું તેના આવ્યા મોર ચાલ્યો જઇશ.

સીપાઇ—બહુસારૂં

ચંદ્રસિંહ—ગુલાબા તું તથા નાથો આપણા રાજ તરફ જાઓ, અને હું પાછળથી આવું છું.

ગુલાબો—જેવી આજ્ઞા. (જાયછે)

(ચંદ્રસિંહ સુઈ જાયછે) (ચંદ્રિકા તથા દાસી આવે છે)

ચંદ્રિકા—દાસી મારા પ્રાણ પ્યારા ચંદ્રસિંહ હજી સુધી કેમ આવ્યા નહીં હોય.

દાસી—બાઇસાહેબ ધીરજ રાખો, હમણા આવી પુગશે.

ચંદ્રિકા—દાસી હવે મારૂં મન બીલકુલ ધીરજ ધરતું નથી.

અરે આ મન મારૂં ધરે ધીર ન કાં (૨)
પ્રેમે (૨) બાંધી વારૂં ન માને મન—મારૂં૰
પરવશ થાઉં શાને મુઝાઉં, રે ભુલી મુજ ભાન—પ્રેમે૰

(દાસી તથા ચંદ્રિકા મેહેલમાં જાય છે, ચંદ્રસેન જાગતો હોવાથી એકદમ ઉઠે છે.)

ચંદ્રસિંહ—અહા કેવો એનો પ્યાર, રાતદીવસ ચંદ્રનું નામતો જપ્યાજ કરે છે,

પ્યારી ચંચલ ચપલ પ્રેમદા સુખદા,
ગઇ ગઇરે જખમકારી ઉરમાં આભારી ભારી,
થઇરે અતી સુખદા દુખદા—પ્યારી૰
મોહની મંતર જાદુની જંતર ભણી ગણી નવેલી નાર,
લટકે ચીતને ચોરી વહી ગઇ,
ચમકતી દમકતી ઉરવસી પ્યારી ગઇ ગઇ ગઇ—પ્યારી૰

(લાવ પાછો સુઇ જાઉં શું થાય છે તે જોઉં સુઇ જાય છે)

ચંદ્રિકા—(પોતે મેહેલ ઉપર ચડી બારીમાંથી જુએ છે તો બગીચામાં કોઈ માણુસ સુતેલો જણાય છે.) દાસી

દાસી—બાઈ સાહેબ.

ચંદ્રિકા—જા આ સામેના ઝાડની નીચે કોણ માણસ સુતેલો છે. તે જલદી જોઈ આવ.

દાસી—બહુસારૂં બાઈ સાહેબ (જાયછે.) (દાસી ચંદ્રસિંહને સુતેલો જોઈ) આ તો કોઈ રાજકુમાર છે, રખે ચંદ્રસિંહતો નહીં હોય, પણ ચાલ બાઇને તો જણાવું. (જાય છે) (દાસી મહેલમાં આવીને) બાઈ સાહેબ કોઈ રાજકુમાર જેવા જોવામાં આવે છે.

ચંદ્રિકા—ઠીક હું પોતે ત્યાં જઇ જોઈ આવું છું.

દાસી—બહુસારૂં. (ચંદ્રિકા ચંદ્રસિંહની પાસે જાય છે.

ચંદ્રિકા—આતો ચંદ્રસિંહ જેવો જણાય છે. પણ કદાપી તે નહીં હોય તો મુખતો તેના જેવુંજ લાગે છે. (છબી કાઢીને) વાહરેવાહ શું તેનું રૂપ, ખરેખર ચંદ્ર તેતો ચંદ્રજ છે.

(શાણો પુરો આ પુરો શાણો છે–એ રાગ.)

ખરેખરો આ ખરો ચંદ્ર છે, તન સુંદર મન તેનું જણાવે,
મુખ કાંન્તી છે ચંદ્રના જેવી, તેજ ચંદ્રનું એ ઓળખાવે–ખ૦
જોયું મુખડું જ્યારથી એનું, મુજ મન આનંદથી વરસાવે–ખ૦
ક્યારે ઉઠીને મળશે મુજને, છબી જેવું મુખ આનું જણાવે–ખ૦
આ ચંદ્રસિંહ નક્કી હું જાણું, મન મારૂં તો એ હરખાવે–ખ૦

દાસી જલદી અહીં આવ.

દાસી—આવી બાઇસાહેબ (દાસી આવે છે)

ચંદ્રિકા—દાસી જો તું આ કુમારને ઓળખે છે.

દાસી—બાઇ મને છબી ઉપરથી તો ચંદ્રસિંહ જેવા જણાય છે, કેમ બાઈ સાહેબ.

ચંદ્રિકા—દાસી આ નક્કી ચંદ્રસિંહજ છે પણ હવે ક્યારે ઉઠી મને મલી મારૂં દીલ શાંત કરે, દાસી મારૂં દીલતો ઘણુંજ તલપી રહ્યું છે.

દાસી—બાઈ શામાટે ઉતાવળાં થાવ છો હમણા ઉઠશે,

ચંદ્રિકા—ઉઠો નાથ નીંદમાંથી આમ શું સુવાય છે-એ રાગ

પ્રીતમ આ પ્યારો મારોરે અરે ચંદ્રસિંહ છે,
પ્રેમથી જગાડું એને વખત વહી જાય છે-પ્રીતમ૦
ઉઠો ચંદ્રસિંહ પ્યારા દાસી ઘણી અકળાઈ છે-પ્રી૦
મણું હું કયારે એને દીલ મારૂં મુંઝાય છે—પ્રી૦
પ્રીતમ પ્યારા જાગો હવે દાસી સાથે થાય છે-પ્રી૦

(એટલામાં ચંદ્રસેન ઉઠે છે.)

ચંદ્રિકા—દાસી હવે પ્રાણનાથ ઉઠ્યા તો ખરા, પણ જોઉં ખરી તેમને બોલાવે છે કે નહીં.

દાસી—બાઇ સહેબ આ રાજકુમાર એમ બોલાવે તેમ જણાતું નથી, પણ તમારે ઉતાવળ છે તો તમેજ પુછી જુઓને.

ચંદ્રિકા—મારો વિચાર પણ તેવોજ છે.

ચંદ્રસિંહ—તમે કોણ છો, અને આ રાજ કેનું છે અને તમારૂં નામ શું ?

ચંદ્રિકા—આ રાજ વિજયસિંહ મહારાજનું છે, હું તેની કુંવરીછું અને મારૂં નામ ચતુર ચંદ્રિકા છે, પણ તમારૂં નામ શું.

ચંદ્રસિંહ—હું ચંદેરી નગરીનો રાજા ચંદ્રસિંહ છું.

ચંદ્રિકા—કોણ મારો પ્રાણપ્યારો ચંદ્રસિંહ. (ભેટી પડેછે)

ચંદ્રસિંહ—હા પ્રિયા.

ચંદ્રિકા—પ્યારા હવે મારૂં જીવીત આપના હાથમાં છે.

ચંદ્રસિંહ—પ્રીયા કોઈ જાતની તમારે ચિંતા કરવી નહીં.

ચંદ્રિકા તથા **ચંદ્રસિંહ**-અતુલ શણગાર છો-એ રાગ.

પ્રીતમ પ્રાણાધાર છો,
વાહરે વાહ.
નોધારાના આધાર છો
વાહરે વાહ.

સાચુંજ સુખ છે વાલી મારૂં તું.
તું મેમ હઇયાંહારછો,
વાહરે વાહ—પ્રી૦
પ્રાતેથી પ્રીતી ધરી, અરપ્યું તન મન ધન ,
સફળ જનમ મારો થયો, મલ્યું અમુલ્ય રતન.
પ્રેમ તારો પ્યારી જોયો મેં સાચો,
તું મુજ હૃદય મોઝાર છો,
વાહરે વાહ—પ્રી૦
આવો પ્રેમી પ્રેમદા, લ્યો આવી તમ પાસ ;
સુંદર છબી મુજ મનહરે, આવો પ્રીતમ પાસ.
સાચી સતી મારી વાલી અરે તું,
તું મુજ જીવન આધાર છો.
વાહરે વાહ—પ્રી૦ (એટલામાં વિનોદ આવેછે)

વિનોદ— અફસોસ ! અરે દુષ્ટ, નીચ, પાપી ચંદ્રિકા તું જેવું બોલતી હતી તેવુંજ કીધું. પણ હવે હું તુને બરાબર દુઃખના દીવસ દેખાડીશ.

ચંદ્રિકા—જા જા નીચ તારા જેવા કુળને કલંક લગાડનારા તથા મારા જેવી બેનના પ્યારમાં આડો પડવા તઇયાર થયેલા એવા તારા જેવા નીચ ભાઈ કરતાં હું કદી વગર ભાઈની રહી હત તો હજાર દરજે સારૂં લેખતી હતી.

વિનોદ—સીપાઈ આ બંનેને બાંધી જેલમાં લઇ જાવ.

ચંદ્રસિંહ—દુષ્ટ વિનોદ લે તને પણ મજા દેખાડું છું. (વિનોદને પાડી કટારી કાઢી મારવા તઇયાર થઇ જાય છે).

ચંદ્રિકા—પ્રાણનાથ આ મારા દુષ્ટ ભાઇને મારશો નહીં, (એમ કહી હાથમાંથી કટારી ઉચકાવી લીયે છે.)

(એટલામાં સીપાઈ ચદ્રસિંહને પકડી લીયે છે)

ચંદ્રસિંહ **રાગ—દાદરો.**

તું શું પકડાવે અરે નાદાન (૨)
વિનોદ તેં તરછોડયો છે મુજને,
ખચીત ખુવાર કરીશ તુજને, હેવાન થશે હેરાન–તું૦
યાદ રાખ બચા વેણ તું મારૂં,
આ અભિમાન હું તોડીશ તારૂં નીચ બનેકાં નાદાન–તું૦

ચંદ્રિકા—અરે દુષ્ટ મેં તથા મારે પ્યારે તારૂં શું બગાડયું છે, એટલી વારમાં ભુલી ગયો, કે જેને તારી જાન બચાવી.

વિનોદ—દુષ્ટ ચંડાલ, તું હવે બસ કર, જોયો જોયો હવે તારો પ્યારો.

ચંદ્રિકા— રહેશે રીત જો આવી સદાયે—એ રાગ

વીચારીને વદે તું ભાઈ વાણી,
જુઓ મન સાથ ધારીનેજ એની હું તમારી હાય.
ચંદ્રસિંહ મારોરે છે પ્રાણ પ્યારો,
નથી ભુલનાર હું એને થવા દઉં કેમ ન્યારો હાય.
અરે નાદાન ભુલ્યો શું ભાન તારૂં,
શરાપ દઉં છું મુખેથી આજ વચન પળજોજ મારૂં હાય.
કપાવીશ મુંછને દાઢીજ તારી,
લજાવીશ કુળ મારૂં વાત કહું છું હું વીચારી હાય.
જાને તું નીચ કર તારૂં મોં કાળું,
ખરેખર મોત તારૂં હું નજીકમાંહીજ ભાળું હાય.
(સીપાઈ બંનેને લઇ જાય છે, પડદો પડે છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ રસ્તો.

લાલબા—પ્યારા આપણે દુ:ખના લીધે જયપુર છોડી અલકપુર જવા નીકળ્યા તો આ અલકપુર પણ આવ્યું.

ફુકડસિંહ—પ્યારી અહીંયા આપણે કોને ત્યાં જઇને ઉતારો કરીશું.

લાલબા—પ્યારા બીજુ તો અલકપુરમાં કાંઈ નથી પણ અલકપુરના રાજાની રાણી વીમળા છે તે ગરીબ માણસોને સારી રીતે આશરો આપે છે એમ સાંભળ્યું છે તો હું તેની પાસે જઇશ ને ત્યાં ઇશ્વર કૃપાથી તે મને ચાકરીમાં રાખશે કારણ કે હું ચીતરવાનું કામ બરાબર જાણું છું તો પછે શું વાંધો છે.

ફુકડસિંહ—પ્યારી તું ત્યાં જજે અને હું કોઇ પણ જગ્યાએ નોકરી શોધી કાઢીશ, માટે તું મારી બાબતની કાંઇ પણ ચીંતા કરીશ નહીં.

લાલબા—પ્યારા જો મને વીમળાની પાસે નોકરી મલી તો પછે તમારે નોકરી કરવાની કાંઇ પણ જરૂર નથી. ખાજો પીજો ને મજા કરજો. પણ કોઈ જગ્યાએ જો સારી સુખની નોકરી મલે તો કરજો.

ફુકડસિંહ—વાહરે વાહ પ્રીયા તારી ચતુરાઇ.

લાલબા—પ્યારા ચાલો. (લાલબા તથા ફુકડસિંહ જાયછે)

(વિનોદસિંહ આવે છે)

વિનોદ—અફસોસ! હજી સુધી મારો મોકલેલો બ્રાહ્મણ પણ આવ્યો નહીં, અને મારો મિત્ર પણ આવ્યો નહીં, ને દુષ્ટ ચંદ્રિકાએ તો પોતાના મનનું ધારયું કરવા માંડયું હતું પણ ઠીક થયું કે તેજ વખતે હું જઇ પહોંચ્યો નહીંતર હાથથી જાત.

(એટલામાં નર્મદાશંકર આવે છે)

નર્મદાશંકર—મહારાજનો જય થાઓ

વિનોદ—તમે તો આવ્યા પણ મારો મિત્ર કયાં છે.

નર્મદાશંકર—એમને તો કહ્યું છે કે થોડા દીવસ પછે આવશું.

વિનોદ--(ગુસે થઇને) મારાજ મેં તને કહ્યું હતું કે તારી સાથે તેડીને આવજે, ને તું શામાટે એમજ ચાલ્યો આવ્યો.

નર્મદાશંકર—(આનો તો દીવસ હવે માઠો બેઠો છે) મેં તો ઘણુંજ કહ્યું પણ નહીં આવ્યા. તેમાં મારો શું વાંક.

વિનોદ—ઠીક ઠીક હવે જા. (કામ તો ઘણુંજ ખરાબ થયું મિત્ર પણ આવ્યો નહીં અફસોસ હવે શું થશે.)

નર્મદાશંકર--મહારાજ મને દક્ષણા તો આપો

વિનોદ-- જા જા દક્ષણાવાળા સાથે તેડી આવ્યો હોત તો સારી પેઠે તને રાજી કરત પણ હવે તો તને દક્ષણાને બદલે મોચડાં મલશે.

નર્મદાશંકર—અરે નીચ તું બ્રાહ્મણને દક્ષણાને બદલે મોચડાં આપવા માગે છે તો ઠીક છે જેવી તારી મરજી.

વિનોદ—જા જા ચાલ્યો નહીં તો ખાલી મારા હાથનો માર ખાઇને જવું પડશે, (બંને જાય છે. પડદો પડદો પડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ મોહનીનો મહેલ,

મોહની પોતાની સખીઓની સાથે રાસડા લે છે મોહજીતસિંહ બાજુમાં પલંગપર બેઠા છે.

સખીઓ— **રાગ રાસડો.**

આવો આવોને પ્યારા પ્રાણ નેણના તારારે.
આવો આવો શલુણા શ્યામ છેલ છોગાળારે—આવો૦
શું ખીલી ફુલની કળી, શું ખીલી મન વેલ,
હું ખીલી મદની ભરી, ખીલ્યાં મારાં છેલ—છેલ૦

આવો આવોને પ્રીતમ પ્રાણ પ્રાણથી પ્યારારે (૨)
આ સુંદર ખીલી ઘણી, ગુલદાવદીની વેલ,
જોઇ આનંદ પામું અતી, વરસી આનંદ રેલ—છેલ૦

મોહજીતસિંહ-વાહરે વાહ પ્યારી ગાયન તો ઘણું રસિક ગાયું.

(એટલામાં પ્રધાન આવે છે.)

પ્રધાનજી—મહારાજા ધિરાજ આપ હવે કચેરીમાં કેમ આવતા નથી. તેનું કારણ શું ?

મોહજીતસિંહ—પ્રધાનજી મને આ રાણીથી જુદું પડવું ગમતું નથી. અને તેજ કારણથી કચેરીમાં પણ અવાતું નથી.

પ્રધાનજી—આપ નથી આવતા એવી ખબર પડવાથી આપણા દુશ્મન લોકો વારંવાર આપણા ઉપર લડાઇ કરવાનું લખી મોકલે છે, માટે આપ કચેરીમાં પધારો તો ઘણું સારૂં.

મોહજીતસિંહ—કદાપી મારૂં બધું રાજપાટ જાય તોપણ આ મારી મોહની સ્વરૂપ રાણીથી જુદો પડનારજ નથી.

પ્રધાનજી—(રાણીએ તો રાજાને વશીકરણથી વશ કરી લીધોછે અને આવું હજી થોડો વખત ચાલશે તો રાજ પાયમાલ થઇ જવું છે. જો માને તો ઠીક છે) મહારાજ આપ કોઇ પણ રીતે કચેરીમાં આવી શકો તેમ છોકે નહી. ?

મોહજીતસિંહ—બીલકુલ નહીં. તમે પોતેજ રાજને સંભાળો. મારો તમારા ઉપર પુરતો ભરોસો છે.

પ્રધાનજી—બહુસારૂં મહારાજ જેવી આજ્ઞા. (જાય છે)

મોહની—પ્રાણનાથ, સ્ત્રી પોતાના પતિને પોતાના જાન કરતાં પણ તેનું વધારે રક્ષણ કરે, તોપણ પતિના મનમાં એવી ગંભીર અસર ન થાય તો પછી તેવા પતિથી જીવતે રંડાપો લેખવો હું હજાર દરજજે પસંદ કરૂં છું.

મોહજીતસિંહ--કેમ નહીં તમારા જેવી પતીવ્રતા સ્ત્રી મલી હોય, અને તેના વહાલા પ્યારની અસર પોતાના પવીત્ર પતીને થયા વગર રહે નહીં. એવું જે કહે છે તેનું કહેવું તદ્દન ભુલ ભરેલું ગણાય છે. (પડદો પડેછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રસ્તો.

કમળાવંતી--પુત્ર સુરસિંહ, બેન ચંદ્રિકાના લગ્ન બાબતનું શુ કર્યું?

સુરસિંહ--(મારી માતુશ્રી તો બીચારી ભોળી છે) માતુશ્રી. તેના લગ્નતો જેલમાં થયા છે.

કમળાવંતી--પુત્ર સુરસિંહ કેમ જેલમાં થયા છે. એવું શા માટે કહે છે. શું મારી પુત્રી. જેલમાં પડી છે.

સુરસિંહ--એકલી ચંદ્રિકા નહિ પણ તેનો પતિ ચંદ્રસિંહ પણ તેની સાથે જેલમાં છે.

કમળાવંતી--કોણે તેને જેલમાં પુર્યા છે. ?

સુરસિંહ--વિનોદસિંહે.

કમળાવંતી--અરે દુષ્ટ વિનોદ તારૂં ભુંડું થજો. તારૂં નરકમાં પણ ઠેકાણું થજો નહિ. મારી એકની એક લાડકવાઈ પુત્રીને તથા તેના પ્રાણથી પણ અધીક પ્યારા ચંદ્રસેનને જેલમાં પુરી દુ:ખી કરે છે. હાય હાય નીચ તેં શું ધારી મારે પેટે જન્મ લીધો. મને જો આવી ખબર હોત તો તને ઝેર આપીને મારી નાંખત અરે મારી વાલી ગુણસુંદરી હવે હું તુંને કયારે જોઈશ અફસોસ. (પડી જાય છે.)

સુરસિંહ--માતાજી ઉઠો. તમે કોઇ વાતની ચિંતા નહિં

કરો હું મારા બાપુને સમજાવું છું અને જ્યારે તેને તથા ચંદ્રસેનને છોડાવી. તેની પવીત્ર ગાંઠ બાંધ્યા સિવાય મારે આ સુંદર પોશાક ધારણ કરવો હરામ બરોબર છે.

(એટલામાં વિનોદસિંહ આવે છે.)

વિનોદસિંહ—કેમ માતાજી આમ ઉદાસી ચેહેરે અંહીઆ રસ્તામાં ઉભેલા છો.

કમળાવંતી—તારી કાણુ માંડવા સારૂ! નાદાન તેં મારી કુંવરીને શા માટે જેલમાં પુરીને દુઃખી કરે છે.

વિનોદસિંહ—તેની ચાલ જરા ખરાબ જોવાથી.

સુરસિંહ—(ઘણોજ ગુસ્સે થઇને) અરે દુષ્ટ પાપી તું મારી પવિત્ર બેનને કલંક લગાડવા ઇચ્છે છે માતાજી મને મુકી દીયો આ દુષ્ટને હમણાને હમણાજ આ શમશેરથી તેને. કરેલા અપરાધની સજા કરવા મારી આ શમશેર મને ધીરજ ધરવા દેતી નથી.

કમળાવંતી—પુત્ર શા માટે ઉતાવળો થાય છે. આપણે શું એને સજા દેશું, સજા દેવા વારો તો એક ત્રિલોકનો નાથ છે. એના પાપની, એને કરેલા ક્રોધના પ્યારના ભંગની અને એની પવિત્ર બેન છતાં કલંક લગાડવાની સજા, આપણે કદાચ નહિ આપીએ તો તેને તે ઇશ્વર ક્યાં છોડનાર છે.

વિનોદસિંહ—જોઈ જોઈ તમારી સાચી સુદ્ધ પુત્રી.

સુરસિંહ—(એકદમ કમલાવંતીના હાથમાંથી પોતાનો હાથ છોડાવી. વિનોદને મારવા જાય છે. પણ વિનોદ ભાગી જાય છે.) અરે નાદાન, ભાગી ગયો. નહિ તો આ મારી પ્યાસી રહેલી શમશેરથી તારો પાપી જાન લઇ જમને દ્વાર પુગાડી દેવાને જરાએ વાર નોતી. હવે માતાજી હું જાઉંછું અને મારી બેનને છોડાવી પાછો જલદી હું આપની પાસે આવું છું.

(જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ જેલ. (વિનોદસિંહનું આવવું.)

ચંદ્રિકા—અરે ભાઇ. વિનોદ તું મને શા માટે દુ:ખી કરે છે. મેં તારૂં શું બગાડયું છે, મારા જેવી. અનાથ અબળાને દુ:ખી કરવાથી. તને શું ફાયદો મલે છે. એતો જો કે મારા જેવી એક તારી ન્આણી, જે મારા ઉપર તું જુલમ ગુજારે છે, તે તારા જેવા ભાઇને ઘટે છે, અરે ભાઇ તું મને આ જેલથી મુકત કર.

(એમ કરી પડી જાય છે. એટલામાં સુરસિંહ આવે છે.)

સુરસિંહ—કોણ બેન ચંદ્રિકા તું શા માટે રૂદન કરે છે.

ચંદ્રિકા—પ્યારા ભાઈ શું કરૂં હું અનાથ અબળા છઉં મારો કોઇ મદદગાર નથી, કોઇ મારા દુ:ખમાં ભાગ લેનાર નથી, ઇશ્વિર મેં આગલે અવતાર કેવા પાપ કર્યાં હશે તેનો મને આ બદલો મલે છે. ભાઇ હવે મને તું આ જેલમાંથી મારા મેહેલમાં ક્યારે લઇ જઇશ.

સુરસિંહ--બેન કાંઈ ફીકર નહિં કરો, હું હમણાજ મારા બાપુ પાસે જઇ તેને તેડી અંહિં આવું છું. અને તેજ વખતે તને પાછી મહેલમાં લઇ જઈશ.

ચંદ્રિકા--પ્યારા ભાઇ આ વડીલ બંધુ વિનોદ ઘડી ઘડી આવી મને દુ:ખના વરસાદ વરસાવે છે. માટે તેને જરા સમજાવ તો સારૂં વારંવાર તેના મિત્રની સાથે પ્યાર જોડવાનું કહે છે, માટે કાંઇ નહિં તો તેને મારી પાસે આવવાનુંજ બંધ કરો મને તેનું નામ સાંભળતાં દીલમાં અગ્ની પેદા થાય છે. અરે વાલા ચંદ્ર તારી શી વલે હશે. પણ તમે તો ઘણાજ હિમતવાન છે, તો તેનાથી છુટ થવા વિના રહેશો નહિં જો તમે મને આ દુ:ખથી

છોડાવશો નહિ, તો આ મારો પાપી પ્રાણ આ દહે છોડી ચાલ્યો જશે પણ વહાલા ચંદ્ર તમે ક્યાં હશો.

સુરસિંહ--(ગુસ્સે થઇને) તમે કોઈ વાતની ફીકર કરશો નહિ. હું હમણાજ તને છોડાવુંછું.

ચંદ્રિકા--ભાઇ જ્યારે તમારી મારા ઉપર આટલી કૃપા ભરેલી દ્રષ્ટિ છે તો પછી કેનો ભાર છે.

સુરસિંહ--વિનોદ તું હમણા મારી બેનને છોડે છે કે નહિ?

વિનોદસિંહ--બીલકુલ નહિ.

સુરસિંહ--તું વડીલ બંધુછો છતાં તને શું, કહું પણ યાદ રાખજે આવી નિર્મળ અબળા ઉપર જુલમ ગુજારે છે, તેના બદલામાં તને એકજ વખત આ શમશેરને સ્વાધીન કર્યો હોય તો તેમાં કાંઇ ભુલ ભરેલું નથી.

વિનોદસિંહ--ઠીક ઠીક જોઇ લેજે આટલું અભીમાન શા માટે ધરાવે છે.

સુરસિંહ—(જા જા જા ઉધત છોકરી તુજ ટેક તોડી–એ રાગ)

ખસ ખસ ખસ આઘો જા અહીંથી
કુટીલ કર્મના દુષ્ટ દુરમતી—ખસ૦
જોઈ લેજે તું હવે અહીં, ઓછો ઉતરજે નહીં.
દુષ્ટ અહીંથી ખસ, બસ હવે તું ખસ–ખસ૦

વિનોદ—સુરસિંહ તું પણ મારૂં અપમાન કરે છે. તો તને પણ દુઃખી કરવા વગર કદી રહીશ નહીં.

સુરસિંહ--જા જા (એમ કહી ધકો મારીને કાઢી મુકે છે વિનોદસિંહ ચાલ્યો જાય છે) બેન તુ હવે કોઇ વાતની ચીંતા કરીશ નહીં હું હમણાજ બાપુ પાસે જાઉં છું ને તમને છોડાવવાનો બંદોબસ્ત કરૂં છું.

ચંદ્રિકા—વહાલા ભાઈ ખુશાથી જાઓ. (સુરસિંહ જાયછે.) દુષ્ટ વીનોદે આવીને મને દુખી કરવામાં બાકી રાખી નથી. હવે ચાલ સુઈ જાઉં (જેવી કોટડીમાં જવા જાય છે કે અંદરથી સાપ નીકળીને કરડે છે.) હાય હાય પ્રભુ મને આવા રીતે દુઃખથી મુક્ત કરવી હતી, તો આગળજ કરવી હતી. અરે મારા વહાલા ચંદ્ર, તારી શી વલે થશે. મારો નીચ બંધુ તમને દુઃખી કરશે, પણ મારા નાનાં ભાઇ સુરસિંહ ને ગલવાથી તમારૂં દુઃખ ટળશે. પ્યારા મને દુંષ્ટ સર્પના ડંસથી ધણીજ વેદના થાય છે. અફસોસ !!!

ચંદ્રિકા—(આ શું પ્રભુજી દશા થઈ મારી—એ રાગ.)

આ શું પ્રભુરે દુઃખ મુજપર પાડી,
સર્પે ડંસ દીધો ભારી—દુઃખ૦
હાય હાય હું કેવીજ પાપી
પીયુ પ્રસંગે થઇ દુઃખીયારી—દુઃખ૦
મનની બધી હોંસ મનમાંજ રાખી,
આશ બધી નાશ થઇ મારી—દુઃખ૦
હતી હોંસ જે મનમાં મારી,
ચંદ્રસેનની થાશું રાણી—દુઃખ૦

(ઝેર ધણું ચડવાથી બેશુધ થઈ પડી જાય છે. પડતાં પડતાં ચંદ્રને પોકારે છે.)

ચંદ્રિકા—અરે પ્રભુ મારા ઉપર કૃપા કરીને મારા વહાલા ચંદ્રને એકજ વખતે મારી સાથે મેળવશો વહાલા ચંદ્ર! વહાલા ચંદ્ર!! તારા વીના મારો જીવ ધણોજ ગભરાય છે.

ચંદ્રસિંહ—આહા કોણ અહીં રૂદન કરે છે? આતો અવાજ ચંદ્રિકાના જેવો લાગે છે, પણ તે તો નહીં.

ચંદ્રિકા—પ્યારા મારો, જીવ ધણો મુંઝાય છે. માટે આપ

આવીને મદદ કરો આ તમારી દાસી ચંદ્રિકા તમારા દર્શનની પ્યાસી છે. શું તમે નિદ્રાવસ થયેલાછો. ચંદ્ર! ચંદ્ર!! ચંદ્ર!!!

(એમ કહેતાંજ જીવ જતો રહે છે.)

ચંદ્રસિંહ--ખરેખર ચંદ્રિકાજ રૂદન કરે છે માટે તેની ખબર તો ચાલ લઊં અરે હાયહાય કર્મ સંજોગે આ બારણું પણ બંધ છે. હવે કેમ કરૂં તો પ્યારીને મળું, (દરવાજાને લાત મારે છે કે એકદમ બારણું ખુલી જાય છે. અંદર જઇને જુવે છે) તો ચંદ્રિકા સુઇ ગએલી જોવામાં આવે છે પાસે જઇને) પ્યારી તમે રૂદન કરતાં શા માટે અંહી સુતાછો, (ચંદ્રિકા તો મરી ગયેલી હોવાથી તે કાંઇ બોલી નહિં) પ્યારી કેમ બોલતા નથી, શું તમે મારી પરીક્ષા કરોછો, હું કદી પણ તમને વીસરનાર નથી, બોલો તો ખરા, શા માટે ગભરાવ છો,(પછી પોતે ત્યાં તપાસે છે તો તેને પગે સર્પ ડંસ જોવામાં આવે છે.) મોટેથી રોતા હાય હાય પ્યારી ચંદ્રિકા તમે આજે મારૂં જીવન વૃથા કર્યું. તમારા વિના મારાથી આ દુન્યામાં જીવવું સરમ ભરેલું છે. પ્યારી તમે મારા ભવિષ્યનો કાંઇ વિચાર નહિ કર્યો હોય? અરે પ્યારી તું એક વખત બોલી મારો જીવ શાન્ત કર એકવાર તો બોલ! (એમ કરી પડી જાય છે.)

ચંદ્રસિંહ--(જનમ કેમ જમને દ્વાર જાશે--એ રાગ)

અહા પ્રભુ શું હવે મારૂં થાશે, પ્રાણ પ્યારી જુદી થાશે;
શું નકી મરી એ જાશે, હાય જીવિત વૃથા મારૂં થાશે
મરણ પામી શું આ અવાસે--અહા૦
ચંદ્રિકા છે માયરી, પ્યારીને વળી પ્રાણ;
એના પણ વિયોગથી, ઝુરી ઝુરી કાઢીશ પ્રાણ.
અરે પ્રભુ હાયે કેમ થાશે, દુઃખ પડ્યું હાય મારે માથે
આ કેમ મારાથી જોવાશે, મારૂં પણ મોત થાશે--અહા૦

હાય હાય કેમ કરૂં કાંઇ ઉપાય સુજતો નથી હે ત્રિલોકનાથ તારા વિના મારે હવે કોઇની સહાય નથી, ઠીક ચાલો આપણું આંહી કાંઇ વળવાનું નથી. પણ આ લાસને લઇને કોઇ જગ્યાએ જઇને જો ઇશ્વર કૃપાએ કાઇ પણ મનની ઇચ્છા સફળ થાય તેમ કરૂં. (ચંદ્રિકાને લઇને ચંદ્રસેન જાય છે.) (સીપાઇ વિનોદને કેવા જાય છે કે ચંદ્રિકા મરણ પામી) (પડદો પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ રસ્તો. (રાયસિંહ તથા પ્રધાન આવે છે.)

રાયસિંહ--પ્રધાનજી આજે આપણે મારી પ્રાણ પ્યારીના ગામમાં આવ્યા છીએ તો હવે મારા દીલમાં ઉમંગ તો પાર વિનાનો થઇ પડયો છે, હવે કયારે સર્વે સામૈયું સામે આવે તેની રાહ જોયા કરૂં છું.

રાયસિંહ--(રાગ ભેરવી.)

આજ રંગમાં રસીલી પ્રાણ પ્યારી થશે.
આનંદ આનંદ મનમાં પ્રગટી જશે--આજ૦
નશીબ મારાં ઉદય થયાં છે,
નકી થાશે રંગમાં આજે ઉમંગ--આજ૦
પદમણી છે ચતુર એ પ્યારી,
નામ ચંદ્રિકા છે તે વરસાવે બહું ઉમંગ--આજ૦

પ્રધાનજી--(આતો ઘણોજ તલપી રહયોછે. પણ જો તેને નજરે રાજ કુંવરી જોશે તો કદી પણ પરણે એવી આશા નથી.)

રાયસિંહ--પ્રધાનજી શું વિચાર કરોછો.

પ્રધાનજી--કાંઇ નહીં મહારાજ મારે શાના વિચાર હોય.

(એટલામાં વિનોદસિંહ આવે છે.)

વિનોદસિંહ--(અરે આતો મારા મિત્રના જેવા લાગે છે.) અરે કોણ મીત્ર રાયસિંહ !!!

રાયસિંહ--કોણ મિત્ર વિનોદસિંહ! (બંને ભેટી પડે છે.) કેમ મીત્ર ખુશીમાંતો છો ?

વિનોદસિંહ—કેમ નહિ આપને જોઇને તો વધુ ખુશાલી ઉપજ્યા જેવું છે.

રાયસિંહ— હવે સામૈયાની શી ધીલ છે.

વિનોદસિંહ--તમે જાઓ, અને હુ હમણા સર્વે તૈયારી કરીને તમને સામૈયું મોકલાવું છું,

રાયસિંહ--બહુ સારૂં. (પ્રધાનજી તથા રાયસિંહ જાય છે.)

વિનોદસિંહ--મારો મિત્ર રાયસિંહ આવ્યો તો ખરો, પણ હજી ચંદ્રિકા સમજતી નથી, અફસોસ ચાલ પણ વળી જઇને સમજાવું, નહિ તો વચમાં ખાલી મારી આબરૂના કાંકરા થશે. (એટલામાં સુરસિંહ તથા કમલાવતી આવે છે.)

કમલાવંતી--પુત્ર સુરસિંહ તમે તમારી બેનની ખબર કાઢી હતી. કે નહિ?

સુરસિંહ—હા, માતુશ્રી.

કમલાવંતી—ઠીક ત્યારે વહાલા પુત્ર પાછો જઇ ચંદ્રસિંહ અને ચંદ્રિકાને મારી પાસે બોલાવી લાવ.

(એટલામાં સીપાઈ આવે છે.)

વિનોદસિંહ--કેમ ચંદ્રિકા હજી સમજી કે નહિ?

સીપાઇ—ચંદ્રિકાને તો સર્પ કરડયાથી મરણ પામી.

વિનોદસિંહ--શું ચંદ્રિકા મરણ પામી! અફસોસ!! અફસોસ!!! મનની મનમાંજ રહિ.

સીપાઇ—અને તે ચંદ્રિકાને ચંદ્રસિંહ મરેલી લઇને ચાલ્યો ગયો.

વિનોદસિંહ--તેં કેમ તેને રોકયો નહિ? શા માટે એને લઇ જવા દીધી? તું પણ તે વખતે શું મરી ગયો હતો! હાય કેવી વાત! શું હું સાંભળું છું! મારે હવે રાયસિંહને મોઢું શું બતાવવું!!! અહા તું સાચું કહે છે? (હા)મરી ગઈ, તો પછે, ચંદ્રસિંહ ઉપાડી કેમ ગયો?

સુરસિંહ—શું છે ભાઇ? શું ચંદ્રિકા મરણ પામી?

સીપાઇ--હા નામદાર.

સુરસિંહ—અફસોસ! માતાજી ચંદ્રિકા તો મરણ પામી! હાય હવે શું કરૂં? મારી એકજ બેન તે આ નિચ વડીલ બંધુના જુલમથી મરણ પામી?

કમલાવંતી--(રૂવે છે.) અરે મારી પ્યારી, પુત્રી તું મને એક વખત મલી પણ નહિ! એમને એમ ચાલી ગઇ, અરે હું આ શું સાંભળું છું! બંધુ સાચુ! નહિ! નહિ!! ભલા પણ તે હજી જેલમાં મરેલી પડી છે?

સીપાઇ--ના બાઈ સાહેબ તેને તો તેજ વખત ચંદ્રસિંહ લઇ ગયા. (કમલાવંતી, સુરસિંહ, સીપાઇ સર્વે જાય છે. એટલામાં રાયસિંહ આવે છે.)

રાયસિંહ--મિત્ર વિનોદ, કેમ આજે તમારો ચેહરો ઉદાસી ભરેલો જણાય છે?

વિનોદસિંહ--પ્યારા મિત્ર તમને તે વાત કહેતાં મારી જીભ ઉપડતી નથી.

રાયસિંહ--કહોતો ખરા, એવું તો શું છે! આફતને વખતે મિત્રને વાત નહિ કેવી, તો પછે કેને કેવી?

વિનોદસિંહ--મિત્ર મારી બેન ચંદ્રિકા ગઇ રાતના મરણ પામી

રાયસિંહ—કોણ ચંદ્રિકા, અફસોસ! (જાન લઇને આવ્યા તો હતા, પણ પાછા જેવાને તેવા જવાનું થયું. હવે વિજયપુરમાં દાખલ થવાની પણ કાંઇ જરૂર નથી. પરબારાજ પોબાર ગણી જવા જોઇએ નહિ તો ખાલી આબરૂના કાંકરા થશે.) મિત્ર તેમાં તમે શા માટે ઉદાસ થાવછો. જે થવાનું હોય તે થવા વગર રહેતુંજ નથી. ઠીક ત્યારે હું હવે જાઉં છું.

(જાય છે એટલામાં પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ વિમળાનો રંગમેહેલ.

સખીઓ—(પુનમ ચાંદની ખીલી પુરી અંહીરે) એ રાગ.

પ્રીતમ પ્યારી આવો સહુ સંગે મળીરે.
આજે રઢીયાળી છે, સરદ પુનમની રાત.
ગાઉ ગીતમાં તે ખોડ પુરો તાલનીરે.
પુરણ સેવા કરો સદા, પ્રાણપતીની હમેશ;
સુખી રહેશો પ્રેમદા, પતીવૃત પાળો પ્રમેશ.
આજે આનંદમાં મંગળ બહુ ગવાય છેરે.
સદા સાચવીજ રાખો પતીવૃત—ગાઉં૦
પ્રભુ ગણી નીજ નાથને, રક્ષણ કરો દીનરાત;
આપી સુખ અમને ઘણું, સુખી કરો મમનાથ.
પુજન કરો પતીવ્રતનું સંગે મળીરે,
આજ આનંદમાં ઉમંગનો રંગ—ગાઉં૦
સદા ચરણમાં ચાલીને, વૃત પુરાં કરજો;
સદા પુજન કરીએ અમો, વૃત ઉરે ધરજો.
પતીવૃત પાળવું એ મખ્ય કર્મ છેરે
જેથી સુખી સદા રહીએ દીનરાત—ગાઉં૦

(એટલામાં લાલબા ચીતારી આવે છે.)

લાલબા—બાઇ સાહેબ હું એક જયપુરની ગરીબ ચીતારી છું. ને હું ચીતરવાનું કામ ઘણુંજ સરસ જાણું છું. જો આપ કાંઇ ચીતરવાનું કામ આપી મને આશરો આપશો, તો હું તમારી ઘણીજ આભરી થઇશ,

વીમળા—લાલબા તું મારી પાસે યોગ્ય આશરો લેવા માટે આવીછો, તો હું તને ના નથી કહી શકતી, પણ જો તારી ઇચ્છા હોયતો આ દાસીની સાથે કામ કર અને ખાપી મજા કર

લાલબા—પણ મારી ચીતરવાની કલમ ઘણીજ સારી છે, તો આપની એક વખત છબી ચીતરી આપું કે જેથી મને કાંઇ સારો સરપાવ મલે.

વીમળા—પણ હું તો પતીવ્રતા નારીછું, માટે તેં કયાંય પતીવ્રતા નારીની છબી જોઇ છે?

લાલબા—બાઇ સાહેબ મને તે વાતની કાંઇ ખબર નથી.

વીમળા—લાલબા પતીવ્રતા નારીની છબી હોયજ નહિ.

લાલબા—(નીરાસ થઇને) બહુ સારૂં બાઇ સાહેબ.

વીમળા—તું જ્યારે આટલી બધી નિરાસ થાય છે, ત્યારે આ મારી નાની બેન રંભા છે, તેની છબી ચીતરી આવજે, દાસી રંભાની છબી લાવ, (દાસી છબી લાવે છે.) લાલબા લે આ છબી, આને જોઇને ચીતરી આવજે જેથી તને હું ઘણીજ રાજી કરીશ !

લાલબા—બહુ સારૂં બાઇ સાહેબ, હું ઘણીજ હુશીયારીથી આ છબી ચીતરી લાવીશ.

(લાલબા જાય છે, એટલામાં પડદો પડે છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ રસ્તો.

લાલબા--(અવતાર લીધો અવની ઉપર) એ રાગ.
આપી આશરો પતીવ્રતા નારી. કીધી છે બહુ આભારીરે.
ઘણા દિવસ થયાં દુઃખ વેઠીને, આવી હું આશે તમારીરે.
હું ચીતારી થઇ દુઃખીઆરી, નામ સાંભરીને હું આવીરે.
આપી યોગ્ય આશરો મુજને કીધી બહુ ઉપકારીરે--આવી૦
પતિવ્રત ધર્મને પાળતી, સદા લેખતી સુખ;
આનંદે દિવસો ગુજારતી, કાપે છે સહુના દુઃખ.
સુખી કરી મને અમૃત દઇને, પુરણ આશરો આપીરે--આવી૦

લાલબા--શું ખુબી છે! શું લીલા! હે દીનાનાથ, તારી ગતીનોતો પારજ નથી! દુઃખ પણ ઘણુંજ દીધું, પણ પાછળથી સુખ પણ મલ્યું ખરૂં, તારી શી ગતી છે, તેતો તુંજ જાણે છે. ચાલ જલદી જાઉં, અને આ છબી ચીતરૂં. (જાય છે. એટલામાં પડદો પડે છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ ચીતારીનું ઘર

(લાલબા છબી ચીતરે છે એટલામાં કુકડસિંહ આવેછે.)

કુકડસિંહ—કેમ પ્યારી, આજે તમે કાંઇ વાત પણ કરતાં નથી.

લાલબા—પ્યારા, આ ચીતરવાની છબી આવી છે, માટે જરા ધ્યાન દઇને ચીતરવી જોઇએ, તેથી મેં જરા તમારી સામેં જોયું નહિં. અને તે છબી આ ગામની પટરાણીની બેનની છે અને જલદી ચીતરવાની. છે, તેથીજ!

કુકડસિંહ—કોણ રાણી વીમળાની બેન રંભા ની તો નહિં? (હા) તે બતાવો તો ખરાં કેવીક રૂપાળી છે!

લાલબા—આ છબી બતાવવાની, તેને મને, ઘણીજ, મના કરી છે, માટે તે બતાવીશ નહી.

ફકડસિંહ—તેનું શું કારણ?

લાલબા—પતીવૃતા નારીની છબી કોઈ પણ પરપુરૂષને બતાવવાની મને વીમળા તરફથી મના થયેલી છે.

ફકડસિંહ—પ્યારી, હું કાંઇ પરપુરૂપ નથી. માટે મને બતાવવાથી તમને કોઈ જાતની અડચણ આવે તેમ નથી.

લાલબા—ઠીક ત્યારે લ્યો (ફકડસિંહના હાથમાં આપેછે.)

ફકડસિંહ—(છબી જોઇને) વાહરે વાહ, આ છબી તો ઘણીજ રૂપાળી છે. આ કોણ વીમળાની બેન રંભા? કેવું સ્વરૂપ! જ્યારે રંભાનું રૂપરંગ આવું છે! ત્યારે વીમળાનું તો કેવું હશે?

લાલબા—પ્યારા વીમળાના રૂપનું વર્ણન આ લોકમા તો શું! પણ પરલોકમાં પણ કોઇ વર્ણવી શકે તેમ નથી.

ફકડસિંહ—હેં! શું વીમળાનું રૂપ એવું છે!!

લાલબા—નહિં તો!

ફકડસિંહ—પણ પ્યારી હવે તેની મારે મુલાકાત તો જરૂર કરવી જોઇએ,

લાલબા—તેની મુલાકાત લેવી બહુજ મુસ્કેલ છે, માટે તેનો વીચાર તમારે કરવોજ નહિ.

ફકડસિંહ—જો મુલાકાત નહિ થાય એમ હોય તો મારી એક પ્રેમ પત્રીકાની ચીઠી લખી આપું તેતો તું તેને આપી શકશે, કે નહિ?

લાલબા—ચીઠી લઈ જવી, પણ મુસ્કેલ છે, તો પણ તમારો આટલો આગૃહ છે, તો હું લઇ જઇશ.

ફકડસિંહ—(ચીઠી લખવા બેસે છે.)

(અતીરે અંધારી રાત કાળી) એ રાગ.

આહા શું સુંદર, છબી રૂપાળી.
નકી ચીત્ત ખેંચે મારી કટારી,

વાહ શું મુખછે સુંદર એવું,
દીલ મ્હારૂં લલચાયે છે કેવું.
ક્યારે થશે એ મુજ પ્રાણ પ્યારી—આહા૦

(આ પ્રમાણે ચીઠી લખી ફકડસિંહ લાલબાને આપે છે, તે ચીઠી લાલબા લઇ લીયે છે, એટલામાં પડદો પડે છે.)

પ્રવેસ ૧૨ મો.

સ્થળ રસ્તો.

લાલબા—(પોતાના દીલની સાથે રાજી થતાં થતાં ગાય છે)

(યૌવન ખીલી આવ્યાછીં રસપાન કરો) એ રાગ

વાહ શું સુંદર છબીમાં છે કેવી નારી, ચીતરી હુશીયારી કારી
જાઉંછું હું હામ ધારી દેવા છબી આયે પ્યારી હાં-હાં-હાં-વાહ૦
પત્રિકા સાથે બીડીને લઇ જાઉં છબી,
આપી આવું પાછી જલદી હુંજ ખરી,
છબી સુંદર મનધરી, જોશે વીચાર કરી-હાં-હાં-હાં—વાહ૦
આનંદ પામશે ઘણો છબી જોઇને તે,
ઇનામ આપશે સારૂંજ મન મોહિનેએ,
નકી આ ધ્યાન ધરી, વચન મારૂં પુરૂં કરી-હાં-હાં-હાં-વાહ૦
છું ઘણી ચાલાક ચીતરવામાં હુંજ છબી,
એવા કામમાં પાછી પડું નકી હુંજ કદી,
ચીતરી વીચાર કરી, મનમાં ઉમેદ ધરી-હાં-હાં-હાં—વાહ૦

લાલબા—જો કે નાદાન ફકડસિંહ, રાણી વીમળા ઉપર મોહ પામ્યો છે, ને વળી પાછી ચીઠી લખી આપી છે. પણ તે પતિવૃતા રાણીમાં તેનું કાંઈ પણ વળવું નથી. આ ચીઠી લઇને જાઉંછું, તો ખરી પણ અંતે પરીણામ ઘણું માંઠું છે. અફસોસ!!!

પ્રવેસ ૧૩ મો.

સ્થળ વીમળાનો રંગ મેહેલ.

(લાલબાનું આવવું.)

લાલબા— ગીતી.

દેવીના હુકમથી, ચીતરયાવી છું હું આજ છબી,
મુજથી બની છે એવી, ચાતુર્યતા મેં બતાવી છેજ ઘણી.

દાસી—કોણ લાલબા, તમે આવ્યા.

લાલાબા—હા, પણ બાઇ સાહેબ કયાં છે.

દાસી—તેતો પુજનમાં બેઠેલાં છે?

લાલબા—સારૂં, જ્યારે આવે ત્યારે આ છબી તેઓને આપજો, અને કેજો કે, લાલબા આપી ગયા છે, અને પછીથી હું આવી તેમને મળી જઇશ.

દાસી—બહુ સારૂં, (લાલબા જાય છે એટલામાં વીમળા આવે છે.)

વીમળા—(છબી હાથમાં લઇને) દાસી આ છબીની સાથે ચીઠી શાની છે? વાંચ, તેની અંદર શું લખે છે?

દાસી—બાઇ સાહેબ, આ ચીઠીની અંદર ઘણાક ગેર શબ્દો લખેલા છે? તેથી તે ચીઠી મારાથી વાંચી શકાય તેમ નથી.

વીમળા—દાસી, શું તે ચીઠીમાં ગેર શબ્દો લખેલા છે. લાવ મારી પાસે હું જોઉં (દાસી આ ચીઠી આપે છે, વીમળા હાથમાં લઇને વાંચે છે, અને વાંચતાંજ ગુસે થઇ જાય છે.)દાસી તે છબી લેતી વખતે કેમ ચીઠી વાંચી જોઇ નહિ બધી તમારીજ લુચ્ચાઇછે.

દાસીઓ—બાઇ સાહેબ આમાં અમારો જરાએ વાંક નથી

(બેઠાં શું રે આંહી) એ રાગ

સ્વામીનીરે પ્યારી (૨)દેવી હમારી.

વાત સ્વીકારી અર્જ સુણો—સ્વામી૦
અમ કાંઇ નથી જાણતાં આમાં લેશ નહીં એ વાત
ક્રોધ ઉતારો આવાર—સ્વામી૦
સાચે સાચું અમેજ કહીએ નથી ગુન્હામાં લગાર
કરી જુઓ વીચાર—સ્વામી૦
લાલબા જેવી નીચ રાંડથી નીકળે, આવો સાર
થશે દુઃખી આ વાર—સ્વામી૦
આશ્રય આપ્યો ગરીબ જાણી નીકળી તે ચંડાલ
નથી ખબર લગાર—સ્વામી૦

વીમળા—દાસીઓ જાવો અને એ નીચ હજી આવી નહીં માટે જ્યાં હોય ત્યાંથી એને પકડી લાવો.

(આવે જો મામો વેર વાળું તારૂં આ ઘડી)એ રાગ.

જાવો ને જલદી, બોલાવી લાવો એ નીચને,
કપટી કુડી, નીચ હરામી, વૃત્ત કાપનારી, પાપી પુરી,
નીચ ઉભી શું થાય, લાવો આંહી—જાઓને૦
પત્રિકા કેવી, સાથે લાવી, નીર્ભય થઇને, આપીદઇને,
ભાગી ગઇ તે ક્યાંય, લાવો આંહી—જાઓને૦
નીચ ચીતારી, લાલબા પુરી, બોલી મધુરી, છેતરી પુરી,
મારી કાઢો પાય, લાઇ બોલાય—જાઓને૦

(એટલામાં લાલબા આવે છે.)

વીમળા—(ઘણીજ ગુસ્સે થઇને) અરે દુષ્ટ આ છબીની સાથે ચીઠી શાની લાવી છે.

લાલબા—બાઇસાહેબ મને કાંઇ પણ ખબર નથી.

વીમળા—અરે કમજાત પાછું વળી જુઠું બોલે છે. સાચે સાચું કહી દે નકર વગર મોતે મરવું જોશે.

(દાસી રાજાજીને બોલાવ) (દાસી રાજાજીને બોલાવવા જાય છે)

લાલબા—(જો સાચું નહિં બોલું તો મારૂં મોત થશે. અને જો સાચું બોલીસ તો ફકડસિંહનું મોત થશે. માટે ફકડસિંહના

બદલે મારૂંજ નામ લઉ તો ઘણુંજ સારૂં) બાઇસાહેબ આ ચીઠી મેં પોતેજ લખી છે.

વીમળા—અરે જુઠું બોલનાર સ્ત્રી તું સાચું કહે છે કે આ ચીઠી તેં લખી છે. (એટલામાં રાયસિંહ આવે છે)

રાયસિંહ--કેમ પ્રિયા, આજે આ વખતે મારૂં શું કામ પડ્યું. કે દાસીને ત્યાં બોલાવવા મોકલી.

વીમળા—પ્રાણનાથ આ નીચ લાલબા મારી પાસે આશ્રય માગવા, આવી, અને મેં તેને તેના યોગ્ય આશરો આપતાં તે કમજાત સ્ત્રી તેની સાથે કુકર્મ ભરેલી ચીઠી લાવી, જુઓ વાંચી જુવો?

રાયસિંહ--(ગુસ્સે થઇને) સીપાઇ ?

સીપાઇ--હાજર સાહેબ.

રાયસિંહ—આ નીચ સ્ત્રીને હાલ તો જેલમાં લઇ જાવ અને આવતી કાલે બપોરના તેને કચેરીમાં લઇ આવજો.

સીપાઇ--જેવી આજ્ઞા (જાય છે.)

રાયસિંહ—પ્યારી હું પણ જાઉંછું એ સ્ત્રીને યોગ્ય સીક્ષા જો નહિં થાય તો તે પાછા તેવા કુકર્મ કર્યા વિના રહેશેજ નહિ. (જાય છે)

વીમળા—દાસી મારો જીવ ઘણોજ મુંઝાય છે. માટે ચાલો આપણે ગરબા ગાઇયે.

વીમળા અને સખીઓ—(રાગ રાસડો.)

આવો પ્રીતે પ્રભુ પાયે પડોરે લોલ,
મહીમા શ્રી કૃષ્ણનોજ વર્ણવો— આવો૦
અબળા જાણીને સુખ આપજો,
પ્રીતથી પુત્રીને પરમેશ પાળજો શાવળ વ્રત માયરૂં સંભાળજો—આ૦
પતીવ્રત અમનેરે નહીં ચુકાવશો,
આનંદે સહુ દીવસો ગુજારશો, પતીવ્રત માયરૂં સંભાળજો—આવો૦

અંક બીજો સમાપ્ત

અંક ૩ ત્રીજો

પ્રવેશ ૧ લો.

સ્થળ મયારામનું ઘર નારાયણનું આવવું.

મયારામ—મહારાજ તમે કોણછો, અને શા માટે અંહીઆ આવ્યાછો?

નારાયણ—હું વિજયપુરના રાજગોર શિવશંકર પંડયાનો દીકરોછું. મારૂં નામ નારાયણ છે અને હું પરણવાની ઇચ્છાથી આંહી આવ્યો હતો.

મયારામ—(આજે શીકાર તો બરાબર હાથ આવ્યો છે, રાજગોરનો છોકરો તે કાંઈ કમતી નહિં, માટે હવે તો માંગતાં ભુલ્યા,) ભલે બેસો હું મારી ઘરની સલાહ લઈ જોઉં

(નારાયણ બેસે છે.)

(મયારામ ઘરમાં જાય છે. અને વળી પાછો આવે છે.)

મયારામ—ઠીક છે તમારી ઇચ્છા પુરણતો થશે પણ આંહીતો રૂપીઆ એકદમ જોઇશે (ચાલો હજી નામ નથી પડયું એટલે ફકર નથી.

નારાયણ—(કોથરી ખડીયામાંથી કાઢીને પછાડે છે) લે આ રૂપીયા માંગ કેટલા જોઇએ છે?

મયારામ—(આતો કાંઇ શીકાર કે રમતા ઠીક ત્યારે સગપણ થશે પણ નામ પાડો કે આટલા રૂપીયા આપશું.

નારાયણ—તે કામ મારૂં નથી તે તો કામ તમારૂં છે.

મયારામ—ત્યારે કલદાર ૧૦૦૦ અંકે એક હજાર પડશે.

નારાયણ—એક હજારને એક વળી લટકાનો પછે શું?

મયારામ—ઠીક ત્યારે સગપણ થઇ ચુકયું હવે સારો દિવસ જોઇને લગ્ન કરી દેશું.

નારાયણ—પણ હવે જેમ બને તેમ લગન કાલે થાય તો તો બહું સારૂં અને કાલે નહિ તો પરમદી તો જરૂર. (જાય છે.)

મયારામ—ચાલો આપણું તો કામ થયું બીજું જાય ઘરે. રૂપીયા ૧૦૦૦ મલ્યા હવે જીવીશું ત્યાં સુધી ખાઇશું તો પણ કાંઈ ખુટવાના છે? એક હજાર રૂપીયા કેમ થાય છે?

પ્રવેશ ૨ જો.

સ્થળ રસ્તો.

સુરસિંહ— રાગ કનરો,

નાશ થયું સહુ સુખ મુજ આજે શાન્તી ગઇ હાયે મારી,
ચંદ્રિકા એની મારી અરે હા, મરણ પામી તે થઇ દુઃખયારી—ના૦
રખડે છે પણ એનેજ લઇને, ચંદ્રસિંહ ખરે પ્રાણજદઇને હાય—ના૦
નભનગ આવી તુટી જો પડશે પણ નહિં ચંદ્ર ચંદ્રિકા તજશે હાય—ના૦

અફસોસ હાય હવે શું કરવું (એટલામાં નારાયણ આવે છે.)

નારાયણ—(અરે આતો સુરસિંહ જેવા લાગે છે.) કોણ રાજકુમાર સુરસિંહ?

સુરસિંહ—હા મહારાજ,

નારાયણ—મહારાજ આપ રસ્તામાં આવે વેશે કેમ ઉભા છો આપનું મુખ કેમ ઉદાસ છે.

સુરસિંહ—મારાજ મારી બેન ચંદ્રિકાના મરણ પામવાથી.

નારાયણ—હેં, હેં, ચંદ્રિકાબા મરણ પામ્યાં. (હા) રાજ કુમાર સુરસિંહ તે કેવી રીતથી. ક્યારે મરણ પામ્યા?

સુરસિંહ—નારદના વચન પ્રમાણે ચંદ્રસિહ તેને બગીચામાં મલ્યા ત્યાં દુષ્ટ વિનોદ જઇ બનેને પકડી લીધા. અને એકદમ જેલમાં મોકલી દીધા. ત્યાં ચંદ્રિકાને સર્પ કરડવાથી તે મરણ પામી અને તેને લઇને ચંદ્રસિહ ત્યાંથી ચાલ્યા ગયા.

નારાયણ—અફસોસ એમ, થયું પણ મહારાજ, નારદ મુનીના વચન કદી ખોટાં પડયાં નથી, માટે તે આપણી પવિત્ર ચતુર ચંદ્રિકા કદી મરણ પામે તેની તો આશા રાખવીજ નહિ માટે હવે તમે ચંદ્રસિંહની શોધમાં જાવ અને ત્યાં તમને બંને મલશે. (જાય છે પડદો પડે છે.)

પ્રવેસ ૩ જો.

સ્થળ નારાયણનું ઘર.

(નારાયણ બીજા ચાર બ્રાહમ્ણો લઇને આવે છે.)

નારાયણ—અલ્યા ભાઇઓ આજે મારે પરણવા જવું છે તો તમે મારી સાથે જાનૈયા તરીકે આવશો કે નહી?

બ્રાહમણો—હા. શા સારૂ નહીં આવીએ.

જાનૈયા— (રાજા વાત કહું છું સાચી--એ રાગ.

ચાલો ચાલો નારાયણ ભાઇની ભાઇઓ જાનમાંરે,
જાનમાં ચાલોરે લેશું લાલ લાવોરે—ચાલો૦

૧ જા.—લાડુ જલેબી ઘેબર ખાશું, ખાશું શીરો પુરી,
ખુબ ખાઇને આશીશ દેવા, રાખો નહિ અધુરી—ચાલો૦

૨ જા.—બીજાનાં માગી કપડાં પેહેરી, કરશું બહુ ઠાઠ,
રોપસોફથી ફરશું આજે, પાછળ મુકી ઉચાટ—ચાલો૦

૩ જા.—રમત ગમત કરીને ભરશું, ભાંગ તણા લોટા,
લટકે મટકે લાલ ફરીશું, ઓઢી ધોતી જોટા.—ચાલો૦

૪ જા.—આપણને આ મળીયો આજે, મોટો એક દાતાર,
ખુબ ખાઇ પીને બંદા, આનંદમાં રહેનાર—ચાલો૦

૧ લો જાનૈયો—અલ્યા ભાઇયો બધું તો ઠીક પણ આની સાથે બાઇડીઓ નથી તો કદાપી ગીતો ગાવાં પડશે તો કેમ કરીશું ?

૨ જો જાનયો—તેમાં વળી કેમ શું ! ગાઇશું, તેમાં આપણુને ક્યાં શરમ થવાની છે?

૩ જો જાનૈયો—શરમ તે શાની, તે જે કેશે તેમ કરીશું.

(એટલામાં નારાયણ આવે છે.)

નારાયણ—કેમ ભાઇયો શું વીચાર કરો છો.

જાનૈયા—કાંઇજ નહીં.

નારાયણ—ઠીક, ત્યારે ચાલો (જાય છે. પડદો પડે છે.)

પ્રવેસ ૪ થો.

સ્થળ રાયસિંહની કચેરી.

(રાયસિંહ કચેરી ભરીને બેઠો છે એટલામાં સીપાઇ લાલબાને લઇને ત્યાં હાજર થાય છે.)

સીપાઇ—મહારાજા ધીરાજ આપના હુકમ પ્રમાણે આ ઓરતને અહીં હાજર કરી છે.

રાયસિંહ—અરે કમજાત ચીતારી તારા નીચ કર્તવ્યનું ફળ તને હું હમણાજ આપું છું માટે તું સાચે સાચું બોલી દે. આ ચીઠી તને કોને લખી આપીછે?

લાલબા—(નીચું ઘાલીને) મહારાજા મને કાંઈ પણ તે ચીઠી વીશે ખબર નથી.

રાયસિંહ—(ગુસે થઇને) અરે કમજાત હજી પણ સાચું બોલતી નથી, પ્રધાનજી આ નીચ કુટીલ રંડાને તેના ગુન્હાને લાયક સજા કરી દેશપાર કરો.

પ્રધાનજી—મહારાજ તેને તો એવી સજા આપવી કે તેના નાક અને કાન કાપી ગધેડે બેસાડી દેશપાર કરવી જોઇયે.

રાયસિંહ—સુણોરે સહુ સેવક જન આ વાર—એ રાગ.

સાંભળ તું નીચ કુટીલ અરે નાર, મારોરે તેને માર—સાંભ

બધાં—હુકમ રાજાનો શીરપર ઉઠાવી, મારો ફટકા ફટફટ—સાં૦
કાન નાક કાપી ગધે બેસાડી, કાઢો અંહીથી ઝટપટ—સાં૦

પ્રધાનજી—સીપાઇ નીચ કમજાત ઓરતના કાન અને નાક કાપી ગધેડા ઉપર બેસાડી દેશપાર મોકલી આપો.

સીપાઈ—જેવી આજ્ઞા. (જાય છે. એટલામાં પડદો પડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ મયારામનું ઘર.

(મયારામ બારેથી દોડતો દોડતો આવે છે)

મયારામ—અરે અલી એ અલી કયાં મરી ગઈ?

ગોરાણી—આ રહી કેમ છે આટલા બધા ઉતવળા કેમ થાઓછો.

મયારામ—જાનતો હમણાં આવશે પણ આંહી તો હજી કાંઇ ઠેકાણું પણ નથી.

ગોરાણી—પ્રાણનાથ ધીરજ પકડો સર્વે સારૂં થશે.

(એટલામા જાન આવે છે)

જાનૈયા—વેવાણ વરરાજાને પોંખવા ચાલો.

(ગોરાણી આવીને પોંખી જાય છે.)

મયારામ—કેમ નારાયણ મહારાજ છોતો ખુશીમા ને?

નારાયણ—હા સસરાજી.

(મયારામ પારવતીને બોલાવે છે. ને ત્યાં મયારામનો તથા પારવતી નો હથીવાળો મેલવી આવે છે.)

જાનૈયા—વરકન્યા સાવધાન, નાણાની કોથળી સાવધાન, શીરો પુરી સાવધાન, ખાતું પીતું સાવધાન, કન્યાની મા સાવધાન, કંસાર પીરસે સાવધાન, આવો ભાઇઓ સાવધાન, અગડમ બગડમ સાવધાવ,

નારાયણ—સસરાજી હવે મને રજા આપો તો ઠીક,

મયારામ—ભલે ખુશીથી જાઓ ને સુખી થાઓ,

(જાય છે એટલામાં ગોરાણી આવીને)

ગોરાણી—બચ્ચા પારવતી આવજે.

નારાયણ—હા હવેતી કેમ આવશે જો રૂપીયા હજાર લીધા છે તે પાછા આવશે, તો તે પણ પાછી આવશે,

(એટલામાં બધા જાય છે પડદો પડે છે.)

પ્રવેસ ૬ ઠો.

સ્થળ જંગલ.

(ચંદ્રસિંહ ચંદ્રિકાના મુડદાંને લઇને ત્યાં આવે છે.)

ચંદ્રસિંહ–માજી કાંઇ ન સુઝે અંતર ધ્રુજે કેમ હવે કરવું એ રાગ

પ્રભુ દીલની માંહે, દુઃખજ થાયે, સહાય હવે કરજો,
દુષ્ટ વીનોદના, નીચ કર્મને, ઉરે તમે ધરજો,
ચંદ્રિકા; ચંદ્રિકા, નામજ લેવું, મન ઇચ્છા ફળજો,
હે વિશ્વંભર, સહાય કરીને, દુઃખ મારૂં હરજો,
મુજ પ્યારીનો, જીવ બચાવી, સુખી સદા કરજો,

અફસોસ! ફરી ફરી થાકયો પણ કયાંયથી મારૂં દુઃખ મટયું નહિ. પ્રભુ, પ્રભુ, હવે તારા વિના મને કોણ બચાવે? હું જંગલો જંગલ ફરી એકદમ થાકી ગયો છુ! હવે દીનાનાથ! તારા વિના મને આ દુન્યાની અંદર કોઇનો આશરો નથી. માટે હે પ્રભુ સહાય કર! (ચંદ્રસિંહ જાય છે એટલામાં ફકડસિંહ આવે છે)

ફકડસિંહ—હાય હાય ભુંડી થઈ ચીઠી લખતાં તો લખી પણ હવે ગામમાં રેવું ભારી છે, મારી પ્યારીને પણ આજે કચેરીમાં પકડી ગયા છે માટે જો તે ત્યાં કદી મારૂં નામ લેશે, તેની પેહેલાંજ હું ભાગી જાઉં. (જાય છે. એટલામાં પડદો પડે છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ રસ્તો.

સીપાઇ—અરે નીચ, તારા કર્મની શીક્ષા રાજાના હુકમ પ્રમાણે કરવા મારો જીવ ચાલતો નથી. માટે હું તને જીવતી છોડી દઉંછું માટે હવેથી કોઇ વખત આ નગરીમાં દાખલ થઇશ નહિં

લાલબા—હું કોઇ વખત પણ આવીશ નહિ. તમે મને એ સજાથી છોડશો તો હું તમારી જન્મો જન્મ આભારી રહીશ દુન્યામાં નાક કપાવી લોકોમાં ગધેડા ઉપર બેસીને ફરવું તે કરતાં મરવું વધારે સરસ છે, અફસોસ !

સીપાઈ—જા, હવે જલદી આ રસ્તેથી કોઇ બીજાજ મુલકમાં ચાલી જા. (સીપાઈ જાય છે,)

લાલબા—અરે હાય મેં કેવાં પાપ કર્યા, હે પ્રભુ આ વખત તો હું કોઇ પુન્યને લીધે છુટી પણ તું મને કેમ છોડશે, દુન્યામાં જન્મ લઇને મેં શું સુકૃત્ય કર્યાં હવે હું શું કરૂં મને ક્યાંય પણ જવાનું સુંજતું મારી આંખે અંધારા આવે છે.

લાલબા— રાગ **દક્ષિણી સાખી**

નાશ થઇ સહુ મનની ઇચ્છા પ્રગટી—પ્રભુ ગતી ભાઇ;
પતીવૃતાના શ્રાપ થકી આ, દુઃખી ઘણીજ થાઇ.
શી ગતી, થઇ મારી, કરમની—શીક્ષા થઇ સારી.

(ગાતાં ગાતાં પડી જાય છે. એટલામાં પડદો પડે છે)

પ્રવેસ ૮ મો.

સ્થળ કોટેશ્વરનું મંદિર.

ચંદ્રસિંહ—(શિવના દર્શન કરીને) હે જગતકર્તા શિવભર, હું ઘણોજ દુઃખી છે, મારૂં દુઃખ ભાંગવું હે શિવ તમારા હાથમાં

છે. હું આજ ઘણા દીવસ થયાં મારી પ્રાણથી પ્યારી, મહોબતની મધુરી, સર્પ ડંસથી મૃત્યુને સ્વાધીન થયેલી છતાં કેવી તેની અણીયાલી આંખ ખુલી રહી ગઈ છે, દાડમની કડી જેવા તેના દાંત તેની મુખ મુદ્રાને કેવા દીપાવી રહ્યા છે, કેવા તેના કોમળ હાથ તે આ નાજુક ચુડીના સ્વરૂપથી તથા તેની બેહેસ્તના જેવી સ્વાસથી જાણે મારી સામેજ ઉભેલી છે, શું એનો પ્યારો અફસોસ હવે શું કરૂં, છેવટે મોતને સ્વાધીન થયા વગર છુટકોજ નથી, આ પ્યાસી રહેલી કટાર, તારા વીના મને આ દુઃખથી છોડવનાર બીજો કાંઈ પણ ઉપાય મારા જોવામાં આવતો નથી. દુઃખીયાનું દુઃખ ભાંગનારી કટાર તું હવે મારૂં દુઃખ ભાંગવા સત્વર તૈયાર થા. (કટાર મારવા જાય છે કે શીવ જોગી વેશે બહાર આવી તેના હાથમાંથી કટાર લઇ લીએ છે. ચંદ્રસિંહ પગે પડી સ્તુતી. કરે છે)

ચંદ્રસિંહ— **શાર્દૂલ વિક્રિડિત છંદ**

શિવ ભર સ્હાયે થઇ સુખ કરો, કરે દાસ આ વિનતી,
કાપી દુઃખ સઘળાંજ સેવક તણાં, ઉરે ધરી ઉનતી,
આવ્યો શરણે આજ હું તો અરે, રખડી ઘણો દુઃખી થઇ,
શીવ શીવ શીવ કહું કરગરી, સેવકનું દુઃખ ભાંગી દઈ.

જોગી—બચ્ચા, તું શામાટે રૂદન કરે છે, તારા ઉપર એવું શું મોટું દુઃખ પડયું છે કે તું તારા પવિત્ર આત્માનો ત્યાગ કરે છે.

ચંદ્રસિંહ—મહારાજ નહિં માતાનું સુખ, નહિ પીતાનું સુખ, છેવટે સ્ત્રીનું સુખ પણ મનમાનતું મલ્યું નહિ, માતપિતાનાં દુઃખ બાળાવયને લીધે મને જરાએ દુઃખદર્શક જોવામાં આવ્યાં નહિ, પણ પ્રેમી જોડું તુટવાથી મને પ્યાર વશમાં કરેલ, મીઠી મધુરવંતી સુંદરી રૂપ ધારણ કરેલ, ઇંદ્રની અપસરા સમાન મારા પ્રાણથી પણ અધીક પ્રિય થયેલ "ચતુર–ચંદ્રિકા"ના મહોબતવંતા પ્યારને ખાતર. અરે નાગરૂપી સર્પ તેં મારાં પ્રેમ ભરેલાં જોડાંનો ભંગ કરેલ છે, શું મેં તારૂં આગલે અવતાર શું બગાડયું હતું કે

મારી સુંદરી સમાન ચંદ્રિકાને ડંસ મારી મોતને સ્વાધીન કરી. હે શીવ, મુને સહાય કર. અહા મારી આંખે અંધારા આવે છે, મને કાંઇ પણ સુજતુ નથી.

જોગી—અચા, ચિન્તા નહિ કર, (જોગી પોતાનો હાથ જમીન ઉપર જોરથી મારે છે કે ત્યાં ડંસ કરેલ સર્પ હાજર થાય છે. જોગી મંત્ર ભણે છે કે તે સર્પ પોતાની મેળે ચંદ્રિકાની પાસે જઇ તેને કરેલા ડંસનું ઝેર ચુંસી લઇ અમૃતરૂપી આયુષ્ય અરપે છે એટલામાં એક અવાજ થાય છે કે સર્પ પોતાને રસ્તે ચાલ્યો જાય છે. જોગી મંદીરમાં ચાલ્યા જાય છે. ચંદ્રસિંહ અને ચંદ્રિકા જાગૃત થાય છે.)

ચંદ્રિકા—(એકદમ ઉઠીને) કોણ મારા હૃદય કમલમાં રહેનાર પ્રાણથી પ્યારા ચંદ્રસિંહ ?

ચંદ્રસિંહ—હા પ્રિયા તેજ. (બંને જણા ભેટી પડે છે.)

ચંદ્રિકા— **રાગ-ગીતી.**

દુઃખ આવાં વેઠીને, પ્યારા મુજને જીવીતદાન આપ્યું,
માટે પ્રભુ ગણી તુજને, રટણ હૃદયમાં ખરેખરૂં સ્થાપ્યું.

ચંદ્રસિંહ—પ્યારી હવે ચાલો આપણે આપણા રાજ તરફ રવાના થઇયે.

ચંદ્રિકા—ચાલો પ્રાણનાથ જેવી આજ્ઞા. (એટલામા સુરસિંહ ત્યાં આવે છે) કોણ વહાલા ભાઇ સુરસિંહ ?

સુરસિંહ—હા બેન ચંદ્રિકા તેજ તારો પ્યારો ભાઇ સુરસિંહ

મારો પતી મીત્ર છોડાવું જરૂર જઇ—એ રાગ

ખુશી ખુશી આજ થયો છું ઘણો હું,
થયો છું ઘણો હું જોઇને તમોને હું—ખુશી,
અરપ્યું આયુષ્ય દુઃખ સહીને, ફરી જંગલો જંગલ.
જગકર્તાએ મહેર કરીને, વરતાવ્યો આજે મંગલ—થયો૦
સુખી રહો તમોજ બંને, દઉં છું આશીશ આજ,

હે પ્રભુ ચંદ્ર ચંદ્રિકાને, સુખી કરો દીન રાત—થયો૦
જલદી જઇયે બંધુ જનમાં, મળીયે આપણુ પ્રીત,
આનંદે દીવસો ગુજારશું ને રાખી મનમાં પ્રીત—થયો૦
(બધાં જાય છે, પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ નારાયણનું ઘર.

નારાયણ—પ્યારી હવે રસોઇને કેટલીવાર છે?

પારવતી—પ્રાણનાથ ભોજન સર્વે જાતજાતનું તૈયાર કરી રાખેલ છે.

નારાયણ—ઠીક ત્યારે નારદમુની પણ હમણા આવતા હશે.

(એટલામાં નારદમુની આવે છે.)

નારદ—નારાયણ, નારાયણ ઘરમાં છે કે નહીં? દરવાજો તો ઉઘાડ.

નારાયણ—આવો, આવો મુનીરાજ, ઘરમાહું પધારો.

(નારાયણ દરવાજો ઉઘાડે છે. ને નારદમુની આવે છે.)

નારદ—નારાયણ તેં આજે મારા માટે આટલી બધી તસ્દી શા માટે લીધી છે?

નારાયણ—મહારાજ હું સ્ત્રી પરણ્યોહું તેની ખુશાલીમાં તમોને જમવાનું કહ્યું છે. તેમાં વળી તસ્દી શાની.

નારદ—નારાયણ તારી મરજી છે તો ભલે હું ખુશાથી જમવા બેશું છું.

નારાયણ—સાંભળે છે કે.

પારવતી—કેમ પ્રાણનાથ

નારાયણ—મુનીરાજને જમવા બેસાડયા છે, માટે તું પતરાવલી લાવીને રસોઇ પીરસી જા.

પારવતી--જેવી આજ્ઞા (પારવતી જાય છે ને પતરાવલી રાખીને.પાછી જાય છે ને રસોઇ લાવી પીરસી જાય છે નારદ મુંની તંથા નારાયણ જમવા બેસે છે.)

નારદ—(જમતાં જમતાં) નારાયણ તારી સ્ત્રી તો ઘણીજ હુશીયાર છે રસોઇ ઘણીજ તરેહ તરેહની સ્વાદીષ્ટ બનાવી છે.

નારાયણ—હા મહારાજ તમારી દયાથી મળી છે.

(મુંનીરાજે પણ સ્ત્રીના વખાણ કર્યા છે.)

નારદ—(રસોઇના વખાણ કરે છે.)

શાર્દૂલ વિક્રિડિત છંદ.

તીખી દાલ તુવેરની અતી ઘણી, સ્વાદીષ્ટ પણ છે ઘણું,
સ્વાદીષ્ટ સાકજ છે ઘણું દુધીનું મરચુંજ નાંખ્યું ઘણું;
લાડુ માં સાકર વળી છે ઘણી વળી ઘીજ નાખ્યું ઘણું,
એવા ભોજન આજ મુને પીરસી, આનંદ પમાડયું ઘણું.

પ્રવેશ ૧૦ મો.

સ્થળ જંગલ (ફુકડસિંહનું આવવું)

ફુકડસિંહ--હું ત્યાંથી ભાગી તો આવ્યોછું પણ મારી વાંસે ઘણી ગોત થતી હશે કોઇ આ બાજુ નહિં આવી જાય.

(કોઇ સામેથા પકડવાતો આવે છે.

વિનોદસિંહ—દુષ્ટ ચંદ્રસિંહ તું હવે સપાટામાં આવ્યોછો હવે હું તને જીવતો છોડીસ નહિં.

ફુકડસિંહ—આ વળી બલા કોણ! ત્યાં લાલબાએ ચંદ્રસિંહનું તો નામ નહિં લીધું હોય. ઉભો રેજે તું શું કહે છે.

વિનોદસિંહ--તારો જાન લેવા માંગુંછું.

ફુકડસિંહ—(ચાકુ કાઢીને) આવી જા (એમ કહી તેની દાઢી અને મુંછ કાપી ભાગી જાય છે.)

વિનોદસિંહ—અફસોસ થઇ તો ભુંડી, શ્રાપ લાગ્યા હતા તે પણ સાચા પડયા તો ખરા બેર હવે શું થાય છે. હવે આમને આમ રાજમાં પણ કેમ જાવું! લોકો શું કહેશે, અફસોસ! તે કરતાં તો હવે જોગી વેશ ધારણ કરવો ઘણોજ સારો છે, બેનને દુઃખી કરી કાંઇ પણ સાર કાઢયો નહિ. અંતે તેના શ્રાપ દીધેલા પણ મને ખરે ખરા લાગ્યા ખરા. અફસોસ! હવે હું કયારે તેની પાસે તેને કરેલ દુઃખની માફી માગીશ હાય!

(કહી પડી જાય છે. પડદો પડે છે.)

પ્રવેસ ૧૧ મો.

સ્થળ રાજ દરબાર (સર્વે હાજર થયા છે.)

કચનીઓ—(પામ્યો પામ્યો પદમણી પ્યારીરે)એ રાગ

પામ્યો પ્યારો મનનો માન્યો હો, તારો થયો સફળ જન્મારો;
એક ચીતથી સમરણ કરજે રટણ તેનું દીલમાં ધરજે,
એછે પ્રાણના પ્યારો હો—તારો૦
દુઃખ સહીને બચાવી તુજને સાંભળો કહુંછું સર્વે જનને;
એ છે નેણનો તારો હો—તારો
પરણો એવા કુંવરની સાથે સોંપી હર્ષથી જમણે હાથે
છે એ પ્રાણ આધારો હો— તારો૦

(એટલામાં વિનોદસિંહ આવે છે.)

વિનોદસિંહ-(અફસોસ! આવ્યો તો ખરો, પણ હવે મારા ઉપર શું થાય છે તે મારે જોવું જોઇએ. મારા કરેલ કૃત્યનો બદલો મને મળી ચુકયો છે, (ચંદ્રિકા પાસે જઇને) બેન ચંદ્રિકા મેં તારા ઉપર ગુજારેલા દુઃખની મને માફી આપ. પ્યારીબેન હું તારો વડીલ ભાઇ છતાં નાનો, અણસમજુ, દુષ્ટ ગણી મને મારા કરેલ પાપની ગુજારેલ દુઃખની, માફી કર, પ્યારી બેન ચતુર તું મને માફી કર. સાચાં અને ખોટાંનો બદલો આંહીજ મળે છે. બેન માફી કર. મારાં

કરેલ કર્મનો બદલો આપના પવિત્ર મુખથી પડેલો હતો તે બધો અક્ષરે અક્ષર મુંને મલી ચુકયો છે.

ચંદ્રિકા—વહાલા હું તારા કરેલા જુલમની માફી કરૂં છું પણ તે તને કયાં છોડનાર છે.

વિનોદસિંહ--(આપેલી પદવી દીપાવજો મામા—એ રાગ)

રાજાજી માફ્જ કરજો તમે તો, દુઃખ દીધાં છે ઘણુાજ મેં તો,
દુઃખ દેતાં કર્યો નહીં વીચાર, સો સો વાર મુને છે ધીક્કાર-રાજા૦
પુર્યા જેલમાં મુજ બેનની સાથે, દુઃખ દીધાં છે આ દુસ્ટ હાથે,
મુજ બેનને દુષ્ટ સર્પેરે ડંસી પ્યાર થકી તમ દીલમાંહી વસી-રા૦
લઇને ચાલ્યા દેશ વીદેશ, જંગલો જંગલ માંહી કર્યો પ્રવેશ,
બચાવી બેન મારી આવાર, શાબાશ છે તમને રાજકુમાર—રા૦
શાબાશી તમને કેટલી આપું, નીશદીન મુજ હૃદયમાં સ્થાપું,
અરજ મારી ઉરે ધરજો, ગુન્હા મારા માફ્જ કરજો – રાજા૦

ચંદ્રિકા—વહાલા ચંદ્ર માફ કર, અને કાંઈ નહીં તો વહાલા પ્યાર ને ખાતર મારા વડીલ બન્ધુના ગુજારેલ જુલમની માફી આપ, વહાલા ચંદ્ર માફી આપ.

ચંદ્રસિંહ—પ્યારી તમારો જ્યારે આટલો આગ્રહ છે, તો હું તારા પ્યારને ખાતર હું તેના કરેલ ગુન્હાની માફી આપું છું.

વિનોદસિંહ--વહાલા ચંદ્ર મારા કરેલ ગુન્હાની માફી આપી છે તો હું આપનો જનમો જનમ આભારી થયો છું.

(એટલામાં નારદને નારાયણ આવે છે.)

વિજયસિંહ—મુનીરાજ પાય લાગું છું.

નારદમુની—સુખી રહો, રાજા વીજયસિંહ. હવે જલદી કરો, કારણકે વખત વીતી જાય છે.

વિજયસિંહ—મુનીરાજ હવે સર્વ તૈયાર છે ખાલી હાથ મેળવી આપો એટલીજ વાર છે.

(નારદમુની ચંદ્રસિંહ અને ચંદ્રિકાનો હાથ મેળવી આપે છે.)

સખીઓ— **રાગ ગીત.**

મડપ છાયો ફુલડે ને મોતીએ પુર્યા ચોક,
એવાં લગન એની ચંદ્રિકાના, દેવી કરેને દયાય.
હે ઇશ્વર એને આપી સુખ એનો અમર કરો અવતાર,
દુઃખ કાપીને સુખ આપજો, મારી બેની ચતુરને આજ.
ધન્ય ઘડી છે ધન્ય આજની, જોડી શોભે છે બહુ સારી.
સુખી રાખો પ્રભુ એહને, અમે આપીયે આશીશ આજ.

નારાયણ—વાહરે વાહ, પ્રભુ તારી અકળ કળાનો પાર કોઈ પામી શકતો નથી. શી અદભુત નવાઇ!

શાર્દૂલ વિક્રિડિત છંદ.

મન ઇચ્છા પુરણ બધી તો કરી, પ્રભુએ પ્રીતી મન ધરી,
ચંદ્રિકાને સુખ આપીયું ને વળી, દીલમાં દયા પણ ધરી;
મુને પણ તેનાજ પરતાપથી, મનગમતી નારી મળી,
આભારી થઈ હું વદું હે પ્રભુ, મન ઇચ્છા મારી ફળી.

નારાયણ—બાઇનો જય થાઓ.

સર્વે પાત્રો— **રાગ સ્તુતી.**

ચતુર ચંદ્રિકા થયો વીજય પ્રભુ પ્રતાપથી,
ક્ષત્રી પુત્રે દુઃખ શીર લીધું આપથી—ચતુર૦
પ્યાર થકી પ્રીતી ધરી, દીપાવ્યું જગમાં નામ,
નીજ પ્યારીની લાશ લઇ ફર્યો ઠામે ઠામ—ચતુર૦
"ચંદ્ર-ચંદ્રિકા"ના જેવો, રાખો પ્રીતથી પ્રેમ,
તો તો તમે સદા રહેશો, જોડું ખુશલ ખેમ—ચતુર૦

સમાપ્ત.